# પરબ

ગુજરાતી સાહિત્ય પરિષદની ત્રૈમાસિક પત્રિકા

સમાનો મન્ત્રઃ । (ઋગ્વેદ)

સમાની પ્રપા । (અથર્વવેદ)

વર્ષ ૧ : અંક ૪

જૂન : ૧૯૬૧

## અનુક્રમ

કાવ્યસૃષ્ટિનું 'અશ્રેય' પાત્ર ૧ જયંત કોઠારી

બ્રહ્માનંદ અને કાવ્યાનંદ ૪ 'ઉશનસ્'

'સેફી ઍટલિનો પ્રેમી' ૮ ચીમનલાલ પટેલ

ચાર રેડિયો વાર્તાલાપ :

૧. વિવિક્તતા ૧૧ સુરેશ હ. જોષી

૨. મૂલ્યાંકનની કટોકટી ૧૫ ભોગીલાલ ગાંધી

૩. કલાકાર મનોદશા ૧૯ યશવંત શુક્લ

૪. શ્રદ્ધાનો પાયો ૨૩ મનુભાઈ પંચોળી

પરિષદ-સભ્યોની નામાવલિ ૨૭ '૧૯૬૧'

## અધિવેશન પ્રસંગે નિબંધો અંગે નિમંત્રણ

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૧મું અધિવેશન કલકત્તા મુકામે તા. ૨૮મી ડિસેમ્બર ૧૯૬૧થી તા. ૧લી જાન્યુઆરી ૧૯૬૨ના દિવસો દરમિયાન મળવાનું છે; તે પ્રસંગે પરિષદનું કામકાજ (૧) સાહિત્ય (૨) ઇતિહાસ-પુરાતત્ત્વ તેમ જ (૩) કલા—એ ત્રણ વિભાગોમાં વહેંચવાનું મુકરર થયું છે. આ માટે અનુક્રમે શ્રી ગુલાબદાસ બ્રોકર, ડૉ. હસમુખ સાંકળિયા અને શ્રી જગન્નાથ અહિવાસીની વિભાગીય પ્રમુખો તરીકે વરણી થઈ છે.

પરિષદના સર્વ સભ્યોને વિનંતી કે આ ત્રણે વિભાગો પૈકી એક યા વધુ વિભાગો માટે નિબંધો તૈયાર કરીને મોડામાં મોડા તા. ૩૦મી નવેમ્બર સુધીમાં મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદને મોકલાવી આપે.

નિબંધની સાથે આશરે ૪૦ લીટીમાં તેનો સંક્ષેપ પણ મોકલવો જરૂરી છે. વાચન તેમ જ પ્રકાશન માટે નિબંધની પસંદગી જે તે વિભાગના પ્રમુખશ્રી કરશે.

## કલકત્તા અધિવેશનમાં હાજરી આપનારાઓ જોગ અગત્યની સૂચના

ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૧મા અધિવેશન પ્રસંગે પરિષદના જે સભ્યો ડેલિગેટ તરીકે આવવા માગતા હોય તેમને જ રેલ્વે કન્સેશનનો, કલકત્તામાં ઉતારાનો તેમ જ બીજી સગવડોનો લાભ મળી શકશે. પરિષદની કાર્યવાહક સમિતિએ કલકત્તા અધિવેશન માટે ડેલિગેટ ફી રૂા. ૫-૦૦ મુકરર કરેલી છે. જે મળ્યેથી ડેલિગેટને રેલ્વે કન્સેશન સર્ટિફિકેટ મોકલી આપવામાં આવશે.

તા. ૩૧મી ઓક્ટોબર ૧૯૬૧ સુધી જે પરિષદ-સભ્યો [illegible] ડેલિગેટ ફી મોકલશે, અધિવેશનની સ્વાગત સમિતિએ ડેલિગેટોના આતિથ્યનો, સર્વ ખર્ચનો, સઘળો ભાર પોતાને શિરે રાખ્યો છે એ જાહેર કરતાં આનંદ થાય છે.

# કાવ્યસૃષ્ટિનું 'આક્ષેપ્ય' પાત્ર

## જયંત કોઠારી

'પરબ'નાં પ્રથમ અંકમા શ્રી રામપ્રસાદ બક્ષીનો 'રસસિદ્ધાંતની હાસ્ય પરત્વે ન્યૂનતા' એ લેખ છપાયો છે તેના અનુસંધાનમા એક-બે વિચારો આવે છે તે વિદ્વાનોની ચકાસણી અર્થે રજૂ કરું છુ.

સામાન્ય રીતે આપણા કાવ્યશાસ્ત્રીઓ (અને આપણે પણ) રસસિદ્ધાંતની ભાવ, આલંબનવિભાવ, ઉદ્દીપનવિભાવ, અનુભાવ આદિ બધી સંજ્ઞાઓને કાવ્ય કે નાટકના પાત્રોને જ મનમા રાખીને સમજાવે છે. ઉદાહરણ તરીકે, દુષ્યન્ત એ રતિભાવનો આશ્રય, શકુન્તલા એનો આલંબનવિભાવ, પ્રકૃતિ તે ઉદ્દીપનવિભાવ, સ્નિગ્ધ દૃષ્ટિ આદિ અનુભાવો–વગેરે વગેરે. પણ રસસામગ્રીનો આ રીતે પરિચય આપવાથી એવો ખ્યાલ ઊભો થવા સંભવ છે કે કાવ્યના શૃંગારરસનુ ઉપાદાન તે દુષ્યન્તનો રતિભાવ જ. આ ખ્યાલ બરાબર છે?

અભિનવગુપ્તની રસચર્ચાને ઝીણવટથી જોતા એવુ સમજાય છે કે રસરૂપ બનતો ભાવ તે દુષ્યન્તનો ભાવ નહિ, પણ સામાજિકમા વાસનારૂપે રહેલો રતિભાવ. એટલે કે રસપરિણતિની દૃષ્ટિએ જોઈએ તો સામાજિક ભાવનો આશ્રય છે. જો આ વસ્તુ આપણે સ્વીકારીએ તો દુષ્યન્ત-શકુન્તલાદિ કાવ્યસામગ્રીનુ સ્થાન સામાજિકને અંગે આપણે જુદી જાતનું કલ્પવાનું રહે. કાવ્યની દૃષ્ટિએ–શકુન્તલાદિ અન્ય કાવ્યસામગ્રીના સંબંધે–દુષ્યન્તને આપણે રતિભાવનો આશ્રય માનેલ, પરંતુ રસાસ્વાદની દૃષ્ટિએ–સામાજિકના સંબંધે–દુષ્યન્તની અને એના ભાવની આપણે જુદા પ્રકારની વ્યવસ્થા કરવાની રહે. આ વ્યવસ્થા કઈ જાતની હોઈ શકે? મને લાગે છે કે દુષ્યન્તને અને તેના ભાવને, અને બધી કાવ્યસામગ્રીને પણ, આપણે સામાજિકના ભાવના વિભાવરૂપે કલ્પવાના રહે.

રસસામગ્રીની આ જાતની વ્યવસ્થા કરવાથી કંઈ રસમીમાંસાના કૂટ પ્રશ્નોનો ઉકેલ નથી આવતો; પરંતુ એનો માર્ગ મોકળો તો થાય છે. એવા કેટલાક કૂટ પ્રશ્નો આ રહ્યા: કાવ્યના ભિન્નભિન્ન પાત્રો ભિન્નભિન્ન ભાવો અનુભવતાં હોય ત્યારે સામાજિકના રસાસ્વાદનું સ્વરૂપ શુ હોઈ શકે? કાવ્યના પાત્રમાં નિરૂપાયેલા ભાવનો સામાજિકના હૃદયમાં પ્રતિબોધ

થવો જ જોઈએ? એથી ઊલટું, કાવ્યનું કોઈ પાત્ર અનુભવતું ન હોય એવો ભાવ સામાજિકના ચિત્તમાં ઉદ્‌બુદ્ધ થાય કે નહિ? અને થાય તો એ ઘટનાનો ખુલાસો કઈ રીતે કરવો?

રસાનુભવની સમગ્ર પ્રક્રિયાનો અને તેને અંગે ઉપસ્થિત થતા આ બધા પ્રશ્નોનો વિચાર કરવાનો અહીં અવકાશ નથી.[1] પરંતુ છેલ્લા પ્રશ્નનો જવાબ શોધવાનો થોડો પ્રયત્ન આપણે અહીં, શ્રી રામપ્રસાદ બક્ષીના ઉપર્યુક્ત લેખમાંની વિચારણાના અનુસંધાનમાં, કરીશું.

કાવ્યના કોઈ પાત્રમાં જે ભાવ નિરૂપાયો ન હોય તે સામાજિકના ચિત્તમાં ઉદ્‌બુદ્ધ થાય એવું ઘણી વાર જોવા મળે છે ખરું. કોઈ સ્ત્રીના સૌન્દર્યનું વર્ણન કરતું એક કાવ્ય આપણે લઈએ. માની લઈએ કે એમાં એ સ્ત્રીમાં કશો ભાવ કવિએ આરોપ્યો નથી, કાવ્યમાં બીજું પાત્ર તો છે જ નહિ, અને છતાં આપણને રતિનો ભાવ થાય એવું એ કાવ્યનું નિરૂપણ હોઈ શકે. ઉંદરને મોંમાં લઈને જતી બિલાડીનું ચિત્ર કલ્પો; એમાં બિલાડીના મનમાં આનંદ છે. ઉંદર (જો જીવતો હોય તો) ભયત્રસ્ત છે; આપણને થાય છે જુગુપ્સા.

હાસ્યરસના નિરૂપણમાં આ સ્થિતિનો સંભવ વધારે રહે છે. ભદ્રંભદ્ર અને અંબારામનો દાખલો જ આપણે લઈએ.[2] ભદ્રંભદ્ર આર્યધર્મના પ્રચારના ઉત્સાહથી બોલે છે, અંબારામ શ્રદ્ધાથી, ભક્તિભાવથી સાંભળે છે. (બીજું કોઈ પાત્ર હાજર નથી એવો જ પ્રસંગ આપણે કલ્પીએ) છતાં આપણને તો હાસનો ભાવ જ થાય છે.

આ બધે સ્થળે આપણને પ્રશ્ન થાય કે જે ભાવ કાવ્યસૃષ્ટિમાં નથી તે આપણા ચિત્તમાં કેમ ઉદય પામે છે? અને કાવ્યસૃષ્ટિમાં ન હોય તેવા ભાવો કોઈ જાતના નિયમ વિના જાગી શકે એમ માનીએ તો તો રસાનુભવની સમગ્ર વ્યવસ્થાનું તાત્પર્ય જ હણાઈ જાય. તો પછી આ

---

1. આ પ્રશ્નોની મોટી ચર્ચા માટે જુઓ: 'સાહિત્યમીમાંસા' (સંપાદક શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી)માં શ્રી રામનારાયણ પાઠકનો 'ભામહની રસમીમાંસા' એ લેખ, તથા 'ભારતીય કાવ્યસિદ્ધાન્ત' (શ્રી જયન્ત કોઠારી: શ્રી નટુભાઈ રાજપરા)માં 'ભાવકનો રસાનુભવ'.

2. હાસ્યરસ અંગેના આ મુદ્દાની ચર્ચા શ્રી રામપ્રસાદ બક્ષીએ 'નાટ્યરસ'ના પૃ. ૭૨-૭૩ પર કરી છે. ત્યાં આ જાતની સ્થિતિના નિદર્શનાર્થે જે પ્રસંગ ટાંકવામાં આવ્યો છે તે એ રીતે સંદિગ્ધ પ્રકારનો લાગવાથી અહીં બીજું, નવું ઉદાહરણ લીધું છે.

જાતની વિલક્ષણ સ્થિતિમાં પણ કોઈ જાતનો નિયમ પ્રવર્તતો જોઈ શકાય ખરો ?

આવે વખતે, ખાસ કરીને હસનારું કોઈ પાત્ર કાવ્યસૃષ્ટિમાં ન હોય છતાં આપણે હસીએ એવે વખતે, હસનારું પાત્ર 'આક્ષેપ્ય' માની લેવાની જગન્નાથ પંડિતની સૂચના, શ્રી રામપ્રસાદ બક્ષી દર્શાવે છે તેમ, પ્રતીતિકર ન લાગે એવી જ છે પરંતુ ભાવકના રસાનુભવના પ્રકારને પણ કાવ્યસૃષ્ટિ સાથે કોઈ મૂળભૂત સંબંધ છે એવું આપણે માનતા હોઈએ, અને રસપ્રકારનું નિર્માણ કરવામાં સામાન્યપણે કાવ્યસૃષ્ટિના ભાવો ઉપાદાનરૂપ બને છે એમ આપણે સ્વીકારતા હોઈએ તો આ અપવાદરૂપ સ્થિતિનો કોઈ ખુલાસો શોધવો જ જોઈએ

મને આ સ્થિતિનો ખુલાસો કંઈક આવો જણાય છે સામાજિકના ચિત્તમાં જે ભાવ જાગે છે તે કાવ્યની વાસ્તવિક ભૂમિકામાં ન હોય તોપણ કાવ્યસર્જનની ભૂમિકામાં તો હોવો જ જોઈએ એટલે કે એ ભાવ કાવ્યસર્જન વેળા કવિનો હોવો જોઈએ કાવ્ય જન્મે છે જ કવિચિત્તના વિશિષ્ટ સંવેદનના વિભાવરૂપે કાવ્યમાં કવિચિત્તનો ભાવ, પ્રગટ દેખાય ન દેખાય તોયે, છાની પેઠે હમેશાં વ્યાપ્ત હોય જ કાવ્યસૃષ્ટિ દ્વારા કવિચિત્તનો એ ભાવ આપણને પહોંચાડવો એ જ તો આ સર્જન વ્યાપારનો હેતુ છે એટલે આવા પ્રસંગોએ, જગન્નાથની જ વિચાર સરણીને અનુસરીએ તો, એમ 'આક્ષેપ્ય' પાત્ર તરીકે કવિને સ્વીકારવાથી વિલક્ષણ સ્થિતિનો ખુલાસો થઈ શકશે સુંદર સ્ત્રીનું વર્ણન કરતી વખતે કવિચિત્તમાં રતિનો ભાવ છે તે એ વિભાવ દ્વારા આપણા ચિત્તમાં સંક્રાન્ત થાય છે ઉંદર બિલાડીને ઉપાડી જાય છે એ ચિત્રને કવિએ જુગુપ્સાના વિભાવ તરીકે નિરૂપ્યું હોય તો જ આપણને જુગુપ્સા થાય ભડભડ તથા અભ્યાગમના ઉત્સાહ જેમ જ ભક્તિ કવિને વિકૃત લાગ્યા હોય અને એ રીતે પોતાના હાસના ભાવના વિભાવ તરીકે એને એ વર્ણવે ત્યારે જ આપણામાં હાસનો ભાવ જાગે

કવિની ભાવાનુભૂતિ કાવ્યસૃષ્ટિને અમુક રીતે ઘડે છે અને એ રીતે ઘડાયેલી કાવ્યસૃષ્ટિ આપણામાં પણ એ અનુભૂતિ જગાડે છે, એ રીતે આપણી રસાનુભવની પ્રક્રિયાનો વિચાર કરીએ તો કદાચ બીજી કેટલીક સમસ્યાઓનું સમાધાન પણ આપણને સાંપડે અહીં તો એ દિશાનું સૂચન કરીને જ હું અટકું છું

# બ્રહ્માનંદ અને કાવ્યાનંદ

ઉશનસ્

ભારતીય કાવ્યવિચારણામાં કાવ્યના ભાવનથી નીપજતા આનંદને 'બ્રહ્માનંદસહોદર' કહેવામાં આવ્યો છે, એ હકીકત કાવ્યાનંદનું ઉચિત ગૌરવ કરે છે. આપણા દેશમાં તેમ જ અન્યત્ર પણ કલાપ્રવૃત્તિને અકલ માનવામાં આવી છે. બ્રહ્માનંદનો અનુભવ સૌને ભાગે ક્યાંથી હોય? પણ આપણા પ્રાચીન મધ્યકાલીન ઋષિમુનિઓ ને સંતો પોતાના એવા આનંદનું બયાન આપી ગયા છે તે આધારે આપણે વિચારીએ તો બ્રહ્માનંદ અને કાવ્યાનંદ વચ્ચે ઘણું સામ્ય દેખાશે.

બ્રહ્માનુભવ અને કાવ્યાનુભવ બન્ને આધ્યાત્મિક અનુભવ છે, બન્ને આનંદો છેવટે તો અતીન્દ્રિય છે. બન્ને અનુભૂતિ હાર્દૈકમયી ને વિગલિત-વેદ્યાન્તર છે. બન્ને અનુભવનો અનુભવી કોઈ પરમ આનંદસમાધિમાં રમમાણ થઈને બેસે છે ને વાસ્તવિક જગતને ભૂલી જાય છે. આપણા કેટલાક પ્રાચીન-મધ્યકાલીન સર્જકો તો બન્ને રસના અનુભવી હતા પણ ખરા. કેટલાકમાં તો બ્રહ્મરસ પોતે જ એમની કલાનો વિષય બનીને પણ આવ્યો છે ને ત્યાં બ્રહ્માનંદ તથા કાવ્યાનંદનું લગભગ અદ્વૈત વરતાય છે. પણ આપણી ચર્ચાનો મુખ્ય મુદ્દો આ બન્ને રસના ભાવનનો છે એટલે સર્જકોના કલાનુભવ વિશે અત્રે કશું કહેવા-વિચારવાનું નથી.

આ બન્ને રસના ભાવનમાં ભાવકપક્ષે સુવ્યવસ્થિત પટુ-નિશ્ચિત સામગ્રીતંત્ર—ઇન્દ્રિયતંત્ર ને સમગ્ર સંવિત્તની અપેક્ષા રાખવામાં આવે છે; જડતા કે સંવેદનમાંદ્ય તો એકને અપેક્ષિત નથી. કારણ કે આ બન્ને ચેતનની પ્રવૃત્તિઓ છે, 'આત્મા'ની પ્રવૃત્તિઓ છે.

બ્રહ્માનુભવ અને કાવ્યાનુભવ વચ્ચે આમ સામ્યના ઘણા મુદ્દાઓ છે, છતાં એ બે રસના અભેદ સુધી—અદ્વૈત સુધી આ સામ્ય લંબાવવું એ બરાબર નથી. અંતિમ આનંદની અનુભૂતિમાં બન્ને વચ્ચે એકતા હો તોય એ આનંદ સંપાદન કરવાની પદ્ધતિઓ બન્નેમાં નોખીનોખી છે, એકબીજાની વિરુદ્ધ સુધ્ધાં છે, એ વાત ધ્યાનમાં રહેવી જોઈએ. આપણે વિચારીએ: બ્રહ્માનંદને આપણે ભાગ્યે જ કલાનુભવ કહી શકીએ; હકીકતમાં એ કલાનુભવ નથી કારણ કે એ આનંદની નિષ્પત્તિ Commu-

nication કોઈ ઉપાદાન કે ઇન્દ્રિયના માધ્યમ દ્વારા થતી નથી. જ્યારે કાવ્યાનંદની—કલાનુભવમાત્રની પ્રવૃત્તિ કોઈ ને કોઈ ઉપાદાન ને ઇન્દ્રિયના માધ્યમની અપેક્ષા રાખે છે. બ્રહ્માનુભવનો બીજો છેડો પ્રગટ રીતે વરતાતો-કળાતો નથી. એના ભાવકને આનંદસમાધિ લાગે; તે જ પણ તેના સામે છેડે અગોચર બ્રહ્મ (જે સદાય સર્વત્ર હોય છે જ) તેની ઝાંખી થાય છે ને આત્મા આત્માને જાણે ઓળખી લે છે. પણ તે છેડો આપણને અગોચર રહે છે. ઇન્દ્રિયના માધ્યમને તો એ લોપી-ઓળંગીને જ લાગલો સીધો આત્મા—આત્માનો સંપર્ક થાય છે. બ્રહ્મ અને બ્રહ્માનંદભાવક વચ્ચે સંપર્કની પ્રત્યક્ષ કોઈ કડી કળાતી જ નથી. એ આખી પ્રવૃત્તિ જ અકળ ને અગોચર રહે છે; જ્યારે કાવ્યાનુભવ કે કોઈ પણ કલાનુભવ માટે એમ નહિ કહી શકાય. સર્જક પોતે જ ભાવક માટે રસાનુભવની સંક્રાન્તિ માટે અમુક સામગ્રી પૂરી પાડતો હોય છે એ અમુક ઉપાદાન વાપરે છે તેને તેના મનોગ્રાહ્ય સ્વરૂપમાં રજૂ કરે છે ને મન કે આત્મા સુધી પહોંચવામાં આપણી ઇન્દ્રિયોમાંથી કેટલીકનો ઉપયોગ પણ કરે છે. કલાનુભવની સંક્રાન્તિ બારોબાર નથી થતી. માધ્યમ ને કરણો દ્વારા થાય છે. એ કરણ અગોચર કે અકલ નથી પણ ઘન ને મૂર્ત હોય છે. એનું ઉલ્લંઘન કરી ભાગ્યે જ કલાનુભવ થઈ શકે. આવો ક્રમ વટાવીને જ કાવ્ય આત્માને સ્પર્શે છે. ઇન્દ્રિયો દ્વારા જ એ અંતિમ ઇન્દ્રિયાતીત અનુભવ કરે છે કલાપ્રવૃત્તિમાં ઇન્દ્રિયવ્યાપારનો નિષેધ નથી, જોકે એ આત્માની કલા છે, તથાપિ જ્યારે બ્રહ્માનુભવ અંતિમપણે તો અતીન્દ્રિય છે જ પણ માધ્યમમાંય—એ રિયાળ પણ ઇન્દ્રિયાતીત પ્રવૃત્તિ છે. એટલે કે કલાપ્રવૃત્તિ જ નથી; કાવ્યમાં બ્રહ્મ પોતે જ વિષય હોય તોપણ ભાવક સુધી તેને પહોંચાડવા ઉપાદાન ને ઇન્દ્રિયનું માધ્યમ જ પ્રયોજવું પડે. એટલું જ નહીં ઇન્દ્રિયને ઉશ્કેરવી સુધ્ધાં પડે; અને એ બ્રહ્માનુભવ નહીં હોય; કાવ્યાનુભવ જ રહેશે. એ બે વચ્ચે આછી પણ ભેદક રેખા હોય જ; પછી ભલે બ્રહ્માનુભવ ને કાવ્યાનંદરસ દેખીતી રીતે એવા કાવ્યમાં એકબીજામાં ભળી જતા દેખાય. આમ સંક્રાન્તિમાં ને પદ્ધતિમાં એ બે રસાનુભવો જુદા પડી જાય છે તો એ બે પ્રવૃત્તિના આદર્શ પુરુષોની લાક્ષણિકતામાં પણ ઘણો જ ભેદ છે. આધ્યાત્મિક પ્રવૃત્તિનો આદર્શ પુરુષ સ્થિતપ્રજ્ઞ છે જેની લાક્ષણિકતાઓની ચર્ચા ભગવદ્ગીતામાં થઈ છે. ગીતામાં તેને સ્થિતધી, મુનિ એવાં બીજાં નામ પણ આપ્યાં છે મનની એ સ્થિતિને બ્રાહ્મી સ્થિતિ પણ કહેવામાં

આવે છે. જ્યારે કાવ્યાનંદનો આદર્શ ભાવક રસિક, સહૃદય અધિકારી છે સહૃદયને એના બન્ને અર્થમાં સમજીએ તોય 'હૃદયવાળો' અથવા સમાન હૃદયવાળો અથવા એ બન્ને અર્થવાળો ભાવક; પણ હૃદયસંપત્તિ બન્નેય અર્થમાં અપેક્ષિત છે જ. આ હૃદયસંપત્તિ એટલે શું? સ્થિતપ્રજ્ઞ ને સહૃદયમાં શો ફેર તે હવે વિચારીએ.

અગાઉ આપણે જોયું છે કે બ્રહ્માનંદ ને કાવ્યાનંદના ભાવકોનું ઇન્દ્રિયતંત્ર સુવ્યવસ્થિત, સુનિશ્ચિત, સુપટુ જોઈએ. જડતા મૂઢતા તો એકેયમાં ચાલે જ નહીં; બન્ને વિઘાતક જ નીવડે; પરંતુ આનો અર્થ એમ નથી કે બન્નેનું હૃદયતંત્ર સમાન કક્ષાએ ને સમાન રીતે પ્રવર્તે છે.

બ્રહ્માનંદના અનુભવીઓએ ક્યારેક તો ઇન્દ્રિયદમન ને ઇન્દ્રિયલોપનો માર્ગ પણ લીધો છે ને સૂચવ્યો છે તે વિચાર તો સહૃદયમાં નભે જ નહીં, હૃદયતંત્રની વ્યવસ્થા (organisation) એક વાત છે ને ઇન્દ્રિયદમન કે લોપ એ જુદી જ વાત છે. બન્ને જણે પોતાના લાગણીતંત્રને વિકસાવી, પટુ કરી વ્યવસ્થિત કરવું જોઈએ એ બરાબર છે.

શ્રી રમણભાઈએ બરાબર કહ્યું છે કે કવિતા વિચારપ્રેરક નથી વિકારપ્રેરક છે. સાચો સહૃદય તે જ ગણાય, સમાનધર્મા તે જ ગણાય જે સર્જકની કક્ષાએ કૃતિનો આવેગ અનુભવે કવિ જે રસ, જે આવેગ પ્રદાન કરવા માગતો હોય તે રસ, તે આવેગ ભાવકે અનુભવવાનો છે, કોઈ પણ રસથી અલિપ્ત રહેવું, જે સ્થિતપ્રજ્ઞતાની આવશ્યક શરત છે, તે તો ભાવકને પરવડે જ નહીં નાટ્યગૃહમાં કવિ જડ થાંભલા સામે પોતાની કૃતિ રજૂ કરતો નથી પણ સહૃદય પ્રેક્ષક સમક્ષ રજૂ કરે છે, હું કોઈ પણ રસથી હાલી જઈશ નહીં એવી શરતવાળા સ્થિતપ્રજ્ઞો પ્રેક્ષક તરીકે ઉત્તમ ન જ ગણાય; જોકે જડ થાંભલા અને એમનામાં આભજમીનનો ફેર છે જ, તથાપિ સહૃદય જો એક બાજુ જડથાંભલો નથી, તો બીજી બાજુ ઇન્દ્રિયો ઉપરનો સંયમ ગુમાવી, દરશોથી ઉશ્કેરાઈ જઈ, તખ્તા પર ચડી જઈ, નટો સાથે અભેદ અનુભવે તે પણ બીજા છેડાની અનપેક્ષા છે. અલબત્ત, પાગલ, અસંયમી એ સારો ભાવક—સહૃદય નથી જ, એની જો કંઈ તુલના હોય તો તે સ્થિતપ્રજ્ઞની સાથે જ છે બીજા કોઈની સાથે નહીં આપણે એમ પણ નથી ઇચ્છતા કે કરુણરસ વખતે ભાવક પોક મૂકીને રડે તો જ કવિકર્મ સાર્થક થાય; અરે આંસુ પ્રગટપણે ન આવે તોય ચાલે, પણ તે ગદ્ગદ જ ન થયો હોય તો તે સારો આદર્શ ભાવક નથી, સ્થિતપ્રજ્ઞ વિકારવિરોધી હોય છે—આવેગવિરોધી હોય છે મને ભય છે કે શાન્તરસ

સિવાય બીજો કોઈ રસ ઉત્તમ કક્ષાએ સહૃદયની જેમ સ્થિતપ્રજ્ઞ નહીં માણી શકે, કારણ કે વિકારો અનુભવવા—ઇન્દ્રિયોને ઉત્તેજિત થવા દેવી તે સહૃદય માટે તો આવશ્યક છે (જે સ્થિતપ્રજ્ઞોને તો વિઘ્નરૂપ જ) પછી ભલે તે તેનું બાહ્યને પ્રગટ રીતે આવિષ્કરણ ન થવા દે—નિર્વિકાર ને નિર્વિકલ્પ પરિસ્થિતિ કાવ્યના ભાવકને ઇષ્ટ નથી, જલકમલવત્ જીવન એ જીવનના ઉત્તમ આદર્શ તરીકે ઉત્તમ છે, છતાં કલામાં સાધારણીકરણ, કલામાં હૃદયવિસ્તાર કરીને જ આ ઔપમ્યનો અનુભવ કરી શકાય છે આ બધી પ્રવૃત્તિ 'સહૃદય', પોતાના જીવનમાં જલકમલવત્ જીવનનો સ્વીકાર કરવા છતાં એનાં અવિરોધે સ્થિતપ્રજ્ઞના જેવી જ ઊર્મિતંત્રની વ્યવસ્થાસહિત કલાના ક્ષેત્રમાં પ્રવર્તે છે સ્થિતપ્રજ્ઞતા એ એની બ્રાહ્મીસ્થિતિ છે કે જ્યાંથી માણસ પુન વિકારોની દુનિયામાં નીચે ઊતરી આવતો નથી એ એક ઊંચો જીવનનો ક્રમ જ છે, જ્યારે સહૃદય કલાકૃતિ દ્વારા પોતાની લાગણીનું વિરેચન અનુભવી ફરી પાછો આ પૃથ્વીના કર્દમમાં ઊતરી વ્યવહારરત બને છે, ને પાછો કલાકૃતિના અનુભવટાણે ઊંચા વિકારો અનુભવે છે બ ને ક્રમમાં એ અનુભવે છે તો વિકારો જ—આવેગો જ જ્યારે સ્થિતપ્રજ્ઞ ખાસ કરીને (essentially) જ્ઞાની છે ને 'જ્ઞાનીને કવિમાં ન ગણીશ' એ અખાની પંક્તિ વિચારીને એમ કહી શકાય કે 'જ્ઞાનીને ભાવક ના ગણીશ' કવિની સૃષ્ટિ, ને તેથી જ ભાવકની રમણભૂમિ, માયારસની છે નિર્વિકાર નિર્વિકલ્પ નિર્ગુણ બ્રહ્મ કાવ્યનો ઇષ્ટ વિષય નથી જેટલો રામ ને કૃષ્ણ જેવો માયાવૃત બ્રહ્મ છે બ્રહ્મરસ નહીં, મસારરસ, માયારસ જ કવન-ભાવનનો સમાનરસ છે, માયારસ દ્વારા જ માયાન્વિત બ્રહ્મનો સ્પર્શ ને પુલક અનુભવવાનો હોય છે

સંસારના ઉદ્દીપનોથી ચલિત નહીં થવા માગનાર, ઇન્દ્રિયો દ્વારા ઉત્તેજના—આવેગ—વિકાર નહીં અનુભવવા માગનાર શાંતરસ સિવાય ક્યાંય જેની ગતિ નથી એવો આધ્યાત્મિક આદર્શ પુરુષ સ્થિતપ્રજ્ઞ, કદાચ કાવ્યરસનો ઉત્તમ ભાવક નથી—એ કામ સહૃદયનું છે

આમ બન્ને આનંદો સમાન ભલે હશે પણ એ સામ્યને ઐક્ય સુધી લંબાવવા જેવું નથી—એ સહોદર છે, દ્વૈત છે, અદ્વૈત નથી એ ભેદ યાદ રહે તે જરૂરી છે

# 'લેડી ચૅટર્લિનો પ્રેમી'

ચીમનલાલ એન. પટેલ

ડી. એચ. લૉરેન્સની આ નવલકથાએ સારો ઊહાપોહ મચાવ્યો છે. તેની પ્રસિદ્ધિ ઉપર ઇંગ્લૅન્ડમાં વર્ષોથી પ્રતિબંધ હતો તે હમણાં જ ઉઠાવી લેવામાં આવ્યો છે અને ભારતભરમાં એના ઉપર પ્રતિબંધ ચાલુ રાખવો કે કેમ તે વિશે ચર્ચા જાગી છે. આ ચર્ચામાં સમાયેલા મુદ્દાઓનો સૂક્ષ્મ અભ્યાસ થવાની જરૂર છે, કારણ કે તે ચર્ચા સામાજિક પ્રગતિના મૂળભૂત સિદ્ધાંતોને સ્પર્શે છે.

પ્રશ્નનો સ્વસ્થ ચિત્તે વિચાર કરવો જરા અઘરું છે. એક બાજુ આંધળા પૂર્વગ્રહો અને બીજી બાજુ પ્રગતિશીલતાનો ખોટો ખ્યાલ, એમ બન્ને દિશાએથી સ્વતંત્ર નિર્ણયશક્તિને ભયમાં મુકાવાનો સંભવ છે. 'લેડી ચૅટર્લિ'નું વસ્તુ પશ્ચિમના કોઈ દેશમાં અતિશય ચર્ચાસ્પદ થાય તેવું નથી. ઉમરાવ કુટુંબની એક સ્ત્રી, પતિ તરફથી પોતાની જાતીય વૃત્તિ તૃપ્ત થઈ શકે તેમ ન હોવાથી, સામાજિક દૃષ્ટિએ નિકૃષ્ટ કક્ષાના ગણાતા ગેમ-કીપરના પ્રેમમાં પડી દેહની ઉત્કટ ભૂખને સંતોષે છે. રૂઢિગત આચાર-વિચારની દૃષ્ટિએ લેડી ચૅટર્લિનો પ્રેમ વ્યભિચારી કહેવાય. પરંતુ લગ્ન-સંબંધની પવિત્રતા, એના જૂના સ્વરૂપે, પશ્ચિમના દેશોમાં લુપ્તપ્રાય થઈ ગઈ છે. દરેક વ્યક્તિનો—સ્ત્રી અને પુરુષ બન્નેનો—શારીરિક કામવૃત્તિ સંતોષવાનો હક્ક સ્વીકારવામાં આવ્યો છે. અને અમુક કોઈ લગ્નસંબંધથી પતિ કે પત્ની બેમાંથી એકને પણ ઊંડા અસંતોષનું કારણ રહે તો એ સંબંધ સહેલાઈથી તોડી શકાય એવી સમાજે વ્યવસ્થા કરવી જોઈએ, એ માન્યતા હવે લગભગ સર્વસ્વીકાર્ય બની ગઈ છે. જે સમાજમાં એ પ્રમાણે સહેલાઈથી લગ્નસંબંધ તૂટી ન શકે તે સમાજમાં સ્ત્રી કે પુરુષ પોતાનો રસ્તો ખોળી લે તો તેને ગંભીર ગુનો ન લેખવો જોઈએ એવું મંતવ્ય આધુનિક યુરોપીય સાહિત્યમાં ભારપૂર્વક રજૂ થઈ રહ્યું છે. એટલે આજના યુરોપીય સમાજ અને સાહિત્યના વાતાવરણમાં વ્યભિચારી પ્રેમનું નિરૂપણ આખા સમાજને સ્વીકાર્ય ન હોય તોપણ, પ્રબળ વિરોધ જગાવે એવી વસ્તુ નથી.

'લેડી ચેટર્લિનો પ્રેમી' વિરુદ્ધ ઊહાપોહ થયો તેનું ખરું કારણ તો એ છે કે પ્રેમીઓના ઉત્કટ ભાવનું નિરૂપણ કરવા લોરેન્સે સામાન્ય રીતે અશ્લીલ અને બીભત્સ ગણાતી ભાષાનો સારી પેઠે ઉપયોગ કર્યો છે. શિષ્ટ આચારવિચારમાં ઊછરેલા માનસને લોરેન્સની નવલકથા સ્ત્રીપુરુષના પ્રેમને વિકૃત અને ગંદા સ્વરૂપે નિરૂપતી હોય એમ લાગે છે.

પરંતુ લોરેન્સના પક્ષકારો એમ માને છે કે રૂઢિચુસ્ત શિષ્ટ સમાજના પ્રેમની પવિત્રતાના ખ્યાલો ખોટા છે. આજ સુધી પ્રેમને માત્ર ઊર્મિની કોમળતા જ માનવામાં આવી છે અને શરીરની ભૂખ કોઈ અપવિત્ર અને શરમજનક વસ્તુ હોય તેમ તેની ઉપેક્ષા કરવામા આવી છે અથવા તેની પ્રત્યે તિરસ્કારવૃત્તિ કેળવવામા આવી છે. લોરેન્સના મત પ્રમાણે જાતીયવૃત્તિના સંતોષ દ્વારા જ પ્રેમની પવિત્રતાનો સંપૂર્ણ અનુભવ થઈ શકે છે. એ જાતીયવૃત્તિની ઉત્કટતાની સૂચક કોઈ પ્રકારની ભાષા અશ્લીલ કે બીભત્સ હોઈ શકે જ નહિ. પ્રેમ કેવળ કામવૃત્તિ જ છે એમ લોરેન્સનું કહેવું નથી. પણ એ માને છે કે કામવૃત્તિના સંતોષ વિના સ્ત્રીપુરુષનો પ્રેમ પૂર્ણ અવસ્થા પ્રાપ્ત કરી શકે નહિ. લોરેન્સ અને તેના પક્ષકારોની દૃષ્ટિએ, રૂઢિગત આચારવિચારોએ મનુષ્યના જીવનમાંથી દેહનો આધાર કાપી નાખી એ જીવનને પાંગળું બનાવી મૂક્યું છે. એ વિચારોમા ઊછરેલું માનસ સ્ત્રીપુરુષના હૃદયમાં એકબીજા પ્રત્યે સંભવતી કોમળતાની ઊર્મિની શુદ્ધ કલ્પના કરી શકતું નથી. એ માનસના ઊંડાણમા જાતીય જીવન વિશે અશ્લીલ ભાવો ભરાઈ રહ્યા હોય છે, એટલે કામવૃત્તિના વાસ્તવિક વર્ણનથી એ ભડકે છે. લોરેન્સ પોતે સ્ત્રીપુરુષના પ્રેમની પવિત્રતાનો અને સુંદરતાનો પૂજારી હતો એવો એનો અને એના પક્ષકારોનો દાવો છે.

લોરેન્સનો મત યથાર્થ હોય કે ન હોય પરંતુ એક વસ્તુ નિર્વિવાદ છે કે તેનો આશય નિકૃષ્ટ નથી. પ્રેમને જે સ્વરૂપે એ સમજ્યો તે સ્વરૂપે એને નિરૂપવાનો એણે પ્રામાણિક—બલ્કે નિર્ભીક—પ્રયાસ કર્યો હતો. એટલે આ નવલકથા વિશેની ચર્ચામાં મૂળભૂત પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે કોઈ લેખક કે કલાકાર કોઈ વસ્તુને હૃદયથી સત્ય માનતો હોય, પરંતુ સમાજના મોટા ભાગને એનો મત અહિતકર લાગતો હોય તો એ લેખક કે કલાકારને પોતાના વિચારો વ્યક્ત કરવાનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય હોવું જોઈએ કે નહિ?

સામાન્ય રીતે પ્રગતિશીલ મનાતો મત એવો છે કે દરેક વ્યક્તિને પોતાના વિચારો સમાજની સલામતી જોખમાતી ન હોય ત્યાં સુધી [illegible]

રીતે વ્યક્ત કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. સમાજને લાગે ગમે તે હિત-કર નીવડેલા બધા વિચારપ્રવાહોનું મૂળ કોઈ એક વ્યક્તિ કે લઘુમતિની એ વિચાર પ્રત્યેની નિષ્ઠામા જ રહેલું હોય છે. બહુમતી સમાજ પચાવી ન શકે તેવા બધા વિચારોને, પ્રચાર અશક્ય બનાવી દેવામા આવે તો મનુષ્યની પ્રગતિ બિલકુલ અટકી જાય. સાચાખોટા બધી જાતના વિચારો સમાજ સમક્ષ કોઈ વિઘ્ન વિના રજૂ થાય તો સત્યાસત્યનો નિર્ણય સમાજ પોતાની મેળે કરી લેશે મનુષ્યજાતમાં એટલી શ્રદ્ધા અગ્રસ્થાને ન લેખાવી જોઈએ

આ વિચારસરણી તર્કશુદ્ધ લાગે છે. છતા તેમાંથી પ્રાપ્ત થતો નિર્ણય નિર્વિવાદ સ્વીકારી શકાય એવો નથી. મનુષ્યત્વમાં ઊંડે ઊંડે સત્યપ્રેમી અને કલ્યાણદર્શી છે એવી શ્રદ્ધા કલ્પનાને આકર્ષક લાગે તેમ છે, છતા વ્યાવહારિક જીવનમા એ શ્રદ્ધા અચળ રહી શકે તેમ નથી સામાન્ય રીતે આપણે એમ જોઈએ છીએ કે મનુષ્યનું મન શ્રેય અને પ્રેય બંને પ્રત્યે ખેંચાય છે ધાર્મિક વૃત્તિના અનુભવીઓ કહેશે કે શ્રેય કરતા પ્રેય તરફ વધારે ખેંચાણ છે સૈકાઓ વર્ષોની શિસ્તને પરિણામે સંયમમા આવેલી અહિતકર વૃત્તિઓ, જો પ્રજા વિવેક ગુમાવે તો, એક પેઢીમા સ્વચ્છંદને રસ્તે વળે મનુષ્યસંસ્કૃતિના ઉત્તમ અંગો, બીજમાંથી પાન અને પુષ્પ વિકસે છે તેમ, મનુષ્યસ્વભાવમાંથી અનાયાસે વિકસેલા નથી; પરંતુ અનંત કાળના પ્રયત્નોને પરિણામે પ્રાપ્ત થયેલ છે. અનિયંત્રિત વિચાર અને વાણીસ્વાતંત્ર્યનું પરિણામ એ આવી શકે કે સંસ્કારી તંત્રના મૂળ ઢીલા કરી નાખે એવા વિચારો રોગચાળાના પૂરની પેઠે સમાજમાં ફેલાઈ જાય ને વિનાશ નોતરે.

આ ભય પ્રેમ અને કામ વિષેના વિચારોમા તો વિશેષરૂપે રહેલો છે. પ્રેમ કામનું જ ફળ છે એ ખરું, પરંતુ કામવૃત્તિનો પરિપાક હમેશા પ્રેમમા જ થાય એવું નથી. કામ તો પ્રકૃતિથી જ આત્મકેન્દ્રી (self centred) છે. એના તરફથી પ્રયત્નપૂર્વક મન પાછું ખેંચી ન લેવાય તો ઊર્મિનું સંસ્કરણ અશક્ય બની જાય અને દેહલાલસાનો અગ્નિ, ભોગરૂપી ઘી રેડાતા, વધારે ને વધારે ઉગ્રતાથી પ્રજ્વલિત બને છે, એવો મનુષ્યજાતિનો સૈકાઓ વર્ષોનો અનુભવ છે. કામપ્રવૃત્તિ મનુષ્યને સહજ હોવા છતા વ્યક્તિનું ધ્યાન તેમા જ કેન્દ્રિત રહે, તેની વિગતોમા જ મન રાચ્યા કરે એ વસ્તુ આજ સુધી સમાજના મોટા ભાગને શરમજનક લાગી છે. જ્યારે આપણે એ શરમના બંધનો તોડી કામપ્રવૃત્તિની વિગતોનો

નિર્દેશ કરવામાં આનંદ અનુભવીએ છીએ ત્યારે અશ્લીલ અને બીભત્સ ભાવ અનુભવીએ છીએ. લૉરેન્સનો પ્રયત્ન એ પ્રકારની શરમને અને તેમાંથી ઉદ્ભવતા અશ્લીલ કે બીભત્સ ભાવોને નિર્મૂળ કરવાનો છે. એ નિર્મૂળ ન થાય ત્યાં સુધી પ્રેમની પવિત્રતા શુદ્ધ રૂપે ન અનુભવી શકાય એમ એનું માનવું છે. પણ એના વિચારો પ્રચાર પામે તો મનુષ્યજાત દેહજીવનથી જ સંતુષ્ટ રહે અને ઊર્મિના સંસ્કરણમાંથી જન્મતા પ્રેમની કલ્પના જ કદાચ અદૃશ્ય થઈ જાય એવો સંભવ પણ રહે છે. અને એ ગંભીર વિચાર માગી લે છે.

અમને તો એ વાત ભૂલવા જેવી નથી કે જે સમાજમાં કામવૃત્તિનો સંયમ સ્વીકારાયો છે અને સ્વચ્છંદી કામવિહાર પ્રત્યે શરમની લાગણી ઉદ્ભવી છે તેવા સમાજમાં જ ઉત્કૃષ્ટ પ્રેમસાહિત્ય સર્જાયું છે.

# ચાર રેડિયો વાર્તાલાપ

## ૧. વિચ્છિન્નતા

### સુરેશ હ. જોષી

પ્રશાન્તમાં સાંજ હતી, પેડર રોડના ઊંચાણવાળા ભાગ પર આવેલા એક આલીશાન મકાનના ઠેઠ ઉપલા ભાગ પરના એક ફ્લેટમાં અમે બેઠાં હતાં. બહાર વરસાદ ઝરમર ઝરમર વરસતો હતો. એનું ધૂમ્રઆવેષ્ટન સમુદ્રના ઘૂઘવતા વિસ્તારને ઢાંકી દેતું હતું. અંદર તો ફ્લોરેસન્ટ લાઇટના અજવાળામાં અમારાં બધાંના ચહેરા ઉપર એક કૃત્રિમ લાલિમાનો લેપ થઈ ગયો હતો. ધનિકોને માછલાં પાળવાનો શોખ હોય છે, તેમ કોઈ કશુંક લખતું હોય તો તેનો એકાદ સાંજ પૂરતો સહયોગ કરવાનો પણ એમને શોખ હોય છે. હું આજે યજમાનના આવા શોખનો ભોગ બન્યો હતો. આપણા દેશની જ નહીં, દુનિયાની સાહિત્યિક પરિસ્થિતિ, અદ્યતન ચિત્રકલા, ન્યૂરૉસિસ, ડ્રામા, વિચ્છિન્નતા – આ બધાંની વાતો શરૂ થઈ. મહેમાનોમાં ઓળખીતા પણ હતા. એમણે મને ખાતરી આપી કે આ બધા વિષયોનો અમને બહુ શોખ છે, પણ ગુજરાતી સાહિત્યમાં તો હજી આની ચર્ચા થઈ શકતી જ નથી, આપણે કેટલા પછાત છીએ વગેરે વગેરે.

આવે પ્રસંગે હું મનમાં તો ખૂબ ધૂંધવાઈ ઊઠું છું, પણ મોઢા પર સૌજન્ય દાખવવા પૂરતું મહાપરાણે સ્મિત પ્રકટાવીને આ બધો પ્રલાપ સાંભળતો બેસી રહું છું. એ મંડળીમાંના એક સજ્જને પૂછ્યું, 'આ તમે વિચ્છિન્નતા અને હતાશાની વાતો કરો છો તે આપણા પર તે એવું શું વીત્યું છે? નથી આપણે ત્યાં યુદ્ધો થતાં કે નથી કુદરતનો ખાસ પ્રકોપ થયો. જેઓ દુઃખી છે તેમને દુઃખ સદી ગયું છે. જો એમ ન હોય તો એ દુઃખના માર્ગે જ એમણે ક્રાન્તિ કરી હોત. તો એમને દુઃખની યાદ દેવડાવવામાં નિષ્ઠુરતા નથી રહી? યુરોપના લોકોમાં હતાશા હશે, એમનું કર્યું એઓ ભલે ભોગવે. એમનાં પાપ અહીં ઊછીના લાવવાની જરૂર શી?' પોતાની વાક્છટાથી એઓ ભારે ખુશ થયા. મંડળીમાના બધા, જાણે મને બરાબર સકંજામાં લીધો હોય તેમ, મારી તરફ તાકી રહ્યા.

મેં કહ્યું: આવી ખુશનુમા સાંજે આપણે શા માટે હતાશાની વાતો કરીએ? આવે વખતે તો વરસાદની ઝરમરનો અવાજ સાભળતાં બેસી રહેવાનું મન થાય.

મારા મિત્રે કહ્યું: તને અહીં કવિવેડા કરવા નથી બોલાવ્યો. એમ છટકી જાય તે નહીં ચાલે.

આખરે મારે નિષ્ઠુર થવું પડ્યું. જેને ઘાની ખબર ન હતી તેને ઘા ઊખેળીને બતાવવો પડ્યો. મને એમ કરવું બહુ ગમ્યું નહીં. હતાશા કે વિચ્છિન્નતાની સૈદ્ધાન્તિક ભૂમિકા પર ચર્ચા કરવાનો મને શોખ નથી. એક વાર્તા લખીને એની સૃષ્ટિની આબોહવામાં એ હતાશા ને વિચ્છિન્નતાનો અણસાર મૂકી શકાય. પણ એનો અર્થ એ નહીં કે હતાશા કે વિચ્છિન્નતાના નિદર્શનરૂપે જ કોઈ વાર્તા લખે. આ સમયની રગ સાથે સાચા સર્જકની રગ એવી મળી જાય છે કે એ સમયનો જે ધબકાર છે તે જ એની વાર્તાની સૃષ્ટિમાં આવે છે. એક અદના આદમી તરીકે એનેય સુખ અને સ્વસ્થતા ગમે છે, પણ જે સમયના ખંડમાં એની સૃષ્ટિને એ જીવતી કરવા મથે છે, તેમાં જે તરફડાટ ને વ્યાકુળતા છે તેનાથી એ પોતાની સૃષ્ટિને શી રીતે અસ્પૃષ્ટ રાખી શકે?

આમ સર્જક માત્ર પોતાના સર્જન દ્વારા પોતાના સમયની તાસીરને ઓળખતો જાય છે. એ સાંજના મારા યજમાન અને મિત્રો જે બોલતા હતા, કરતા હતા તેમાંના કશા પર એમના વિશિષ્ટ વ્યક્તિત્વની છાપ નહોતી. એમના પ્રશ્નો પણ છાપાળવા હતા, એમની જીભને ટેરવે જે માહિતી હતી તે પણ એ સાંજ પૂરતી બેચાર ચોપડી ઉથલાવીને ભેગી

કરેલી હતી એમનુ ઘર પણ એમના આગવા સસ્કારની વિશિષ્ટ મુદ્રા ઉપસાવતું નહોતું એ ઘરને પોતાનું વાતાવરણ જ નહોતું આગળ વધીને કહું તો એ મડળીમાના કોઈને પોતાનો કહેવાય એવો ચહેરો નહોતો સ્રીઓ કોસ્મેટિક્સની જાહેરખબરના પાના પરથી કાપી લીધેલી હોય એવી હતી. પુરુષો ધનિક વર્ગના પુરુષોના જે બીબાઢાળ આકારો હોય છે તેના નમૂનાઓ હતા એઓ પોતાનો એક શબ્દ બોલી શકતા નહોતા એમના બાળકો સાથેની વાતચીતમા પણ એઓ પોતાના મહોરા અળગા કરીને પોતાનો ચહેરો પ્રકટ કરી શકતા નહોતા પોતા સાથેની પોતાની વિચ્છિન્નતાનું આ કરુણ દૃશ્ય મેં જોયું મને ગાધારીની ઓગણીસમા દિવસની વેદના યાદ આવી. આ વેદનાથી મને મૂક બનીને બેસી રહેવાનું જ ઇષ્ટ લાગ્યું. પણ આખરે મારે પાઠ ભજવવા પડ્યા

સમયની એક ક્ષણ સાથે બીજી ક્ષણને સાકળતા જઈને અનન્તતાની વિભાવના ઉપજાવવી, એક કાર્ય સાથે બીજા કાર્યને જોડીને પોતાના કર્તૃત્વની અવિચ્છિન્નતા સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો, આદર્શ, ભાવના, ઊર્મિ—આ બધામા બીજા સાથે સહભાગી થઈને બન્ધુત્વ અનુભવવુ, અને અન્તે આ અવિચ્છિન્નતાના ફલકને ક્રમશ વિસ્તારતા જઈને અખિલાઈ અનુભવવી, આ તો આપણો સ્વભાવ છે ધર્મ, કળા, પારસ્પરિક વ્યવહારની વિવિધ રીતિઓ દ્વારા આખરે તો આ અવિચ્છિન્નતા, સહિતતાનો અનુભવ જ આપણે ઝખતા હોઈએ છીએ આથી આ અવિચ્છિન્નતા આડે જે અન્તરાય ઊભો કરે તે જ આપણી મર્મઘાતક પીડાનુ કારણ બને આ પીડાથી વીફરેલો માણસ કઈનુ કઈ કરી બેસે એ સામૂહિક હત્યા કરે, પોતાને હાથે સૃષ્ટિના પ્રલયની જોગવાઈ કરે સસ્કૃતિની આપણે ગમે તે વ્યાખ્યા આપીએ, આખરે તો વિચ્છિન્ન નહીં થવાના મનુષ્યના પ્રયત્નો જ સસ્કૃતિના ઇતિહાસની મુખ્ય ઘટનાઓ બની રહે છે સમયમા સીધી લીટીએ આગળ વધતો મનુષ્ય આ અખિલાઈની સિદ્ધિમા પણ પ્રગતિની સીધી રેખાએ આગળ વધી રહ્યો છે એમ આપણે કહી શકીએ નહીં કોઈ મહામારી કે મહાયુદ્ધ જ હવે તો થોડી ઘણી અવિચ્છિન્નતા કે સહિતતાનો અનુભવ આપણને કરાવી શકે છે અનિશ્ચિતપણે નિશ્ચિત એવા મૃત્યુના આતકનો પ્રભાવ જ આપણને ભેગા કરે એને વિધિની વિપરીતતા કહીશુ? મૃત્યુવ્યાપી ભયના સળગ સૂત્રથી જ જો આપણે એકબીજામા ઓતપ્રોત થઈ શકતા હોઈએ તો ભય જ આપણા જીવનનુ નિયામક મૂલ્ય બની રહે

આજની પરિસ્થિતિનુ તટસ્થતાથી નિદાન કરનારાઓ આ હકીકત

આવે પ્રસંગે હું મનમાં તો ખૂબ ધૂંધવાઈ ઊઠું છું, પણ મોઢા પર સૌજન્ય દાખવવા પૂરતું મહાપરાણે સ્મિત પ્રકટાવીને આ બધો પ્રલાપ સાંભળતો બેસી રહું છું. એ મંડળીમાંના એક સજ્જને પૂછ્યું, 'આ તમે વિચ્છિન્નતા અને હતાશાની વાતો કરો છો તે આપણા પર તે એવું શું વીત્યું છે? નથી આપણે ત્યાં યુદ્ધો થતાં કે નથી કુદરતનો ખાસ પ્રકોપ થયો. જેઓ દુઃખી છે તેમને દુઃખ સદી ગયું છે. જો એમ ન હોય તો એ દુઃખના માર્ગે જ એમણે ક્રાન્તિ કરી હોત. તો એમને દુઃખની યાદ દેવડાવવામાં નિષ્ઠુરતા નથી શું? યુરોપના લોકોમાં હતાશા હશે, એમનું કર્યું એઓ ભલે ભોગવે. એમનાં પાપ અહીં ઉછીના લાવવાની જરૂર શી?' પોતાની વાક્છટાથી એઓ ભારે ખુશ થયા. મંડળીમાંના બધા, જાણે મને બરાબર સકંજામાં લીધો હોય તેમ, મારી તરફ તાકી રહ્યા.

મેં કહ્યું: આવી ખુશનુમા સાંજે આપણે શા માટે હતાશાની વાતો કરીએ? આવે વખતે તો વરસાદની ઝરમરનો અવાજ સાંભળતાં બેસી રહેવાનું મન થાય.

મારા મિત્રે કહ્યું: તને અહીં કવિવેડા કરવા નથી બોલાવ્યો. એમ છટકી જાય તે નહીં ચાલે.

આખરે મારે નિષ્ઠુર થવું પડ્યું. જેને ઘાની ખબર ન હતી તેને ઘા ઊખેળીને બતાવવો પડ્યો. મને એમ કરવું બહુ ગમ્યું નહીં. હતાશા કે વિચ્છિન્નતાની સૈદ્ધાન્તિક ભૂમિકા પર ચર્ચા કરવાનો મને શોખ નથી. એક વાર્તા લખીને એની સૃષ્ટિની આયોજનામાં એ હતાશા ને વિચ્છિન્નતાનો અણસાર મૂકી શકાય. પણ એનો અર્થ એ નહીં કે હતાશા કે વિચ્છિન્નતાના નિદર્શનરૂપે જ કોઈ વાર્તા લખે. આ સમયની રગ સાથે સાચા સર્જકની રગ એવી મળી જાય છે કે એ સમયનો જે ધબકાર છે તે જ એની વાર્તાની સૃષ્ટિમાં આવે છે. એક અદના આદમી તરીકે એનેય સુખ અને સ્વસ્થતા ગમે છે, પણ જે સમયનાખંડમાં એની સૃષ્ટિને એ જીવતી કરવા મથે છે, તેમાં જે તરફડાટ ને વ્યાકુળતા છે તેનાથી એ પોતાની સૃષ્ટિને શી રીતે અસ્પૃષ્ટ રાખી શકે?

આમ સર્જક માત્ર પોતાના સર્જન દ્વારા પોતાના સમયની તાસીરને ઓળખતો જાય છે. એ સાંજના મારા યજમાન અને મિત્રો જે બોલતા હતા, કરતા હતા તેમાંના કશા પર એમના વિશિષ્ટ વ્યક્તિત્વની છાપ નહોતી. એમના પ્રશ્નો પણ છાપાળવા હતા, એમની જીભને ટેરવે જે માહિતી હતી તે પણ એ સાંજ પૂરતી બેચાર ચોપડી ઉથલાવીને ભેગી

કરેલી હતી. એમનું ઘર પણ એમના આગવા સંસ્કારની વિશિષ્ટ મુદ્રા ઉપસાવતું નહોતું. એ ઘરને પોતાનું વાતાવરણ જ નહોતું. આગળ વધીને કહું તો એ મંડળમાંના કોઈને પોતાનો કહેવાય એવો ચહેરો નહોતો. સ્ત્રીઓ કોસ્મેટિક્સની જાહેરખબરના પાના પરથી કાપી લીધેલી હોય એવી હતી. પુરુષો ધનિક વર્ગના પુરુષોના જે બીબાંઢાળ આકારો હોય છે તેના નમૂનાઓ હતા. એઓ પોતાનો એક શબ્દ બોલી શકતા નહોતા. એમનાં બાળકો સાથેની વાતચીતમાં પણ એઓ પોતાનાં મહોરાં અળગાં કરીને પોતાનો ચહેરો પ્રકટ કરી શકતા નહોતા. પોતા સાથેની પોતાની વિચ્છિન્નતાનું આ કરુણ દૃશ્ય મેં જોયું. મને ગાંધારીની ઓગણીસમા દિવસની વેદના યાદ આવી. આ વેદનાથી મને મૂક બનીને બેસી રહેવાનું જ ઇષ્ટ લાગ્યું. પણ આખરે મારે પાટા છોડવા પડ્યા.

સમયની એક ક્ષણ સાથે બીજી ક્ષણને સાંકળતા જઈને અનન્તતાની વિભાવના ઉપજાવવી, એક કાર્ય સાથે બીજા કાર્યને જોડીને પોતાના કર્તૃત્વની અવિચ્છિન્નતા સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો; આદર્શ, ભાવના, ઊર્મિ—આ બધાંમાં બીજા સાથે સહભાગી થઈને બન્ધુત્વ અનુભવવું, અને અન્તે આ અવિચ્છિન્નતાના ફલકને ક્રમશઃ વિસ્તારતા જઈને અખિલાઈ અનુભવવી, આ તો આપણો સ્વભાવ છે. ધર્મ, કળા, પારસ્પરિક વ્યવહારની વિવિધ રીતિઓ દ્વારા આખરે તો આ અવિચ્છિન્નતા, સહિતતાનો અનુભવ જ આપણે ઝંખતા હોઈએ છીએ. આથી આ અવિચ્છિન્નતા આડે જે અન્તરાય ઊભો કરે તે જ આપણી મર્મઘાતક પીડાનું કારણ બને. આ પીડાથી વીફરેલો માણસ કંઈનું કંઈ કરી બેસે. એ સામૂહિક હત્યા કરે, પોતાને હાથે સર્વિનાશ પ્રલયની જોગવાઈ કરે. સંસ્કૃતિની આપણે ગમે તે વ્યાખ્યા આપીએ, આખરે તો વિચ્છિન્ન નહીં થવાના મનુષ્યના પ્રયત્નો જ સંસ્કૃતિના ઇતિહાસની મુખ્ય ઘટનાઓ બની રહે છે. સમયમાં સીધી લીટીએ આગળ વધતો મનુષ્ય આ અખિલાઈની સિદ્ધિમાં પણ પ્રગતિની સીધી રેખાએ આગળ વધી રહ્યો છે એમ આપણે કહી શકીએ નહીં. કોઈ મહામારી કે મહાયુદ્ધ જ હવે તો થોડી ઘણી અવિચ્છિન્નતા કે સહિતતાનો અનુભવ આપણને કરાવી શકે છે. અનિશ્ચિતપણે નિશ્ચિત એવા મૃત્યુના આતંકનો પ્રભાવ જ આપણને ભેગાં કરે એને વિધિની વિપરીતતા કહીશું? પ્રજાવ્યાપી ભયના સર્વાંગ સૂત્રથી જ જો આપણે એકબીજામાં ઓતપ્રોત થઈ શકતા હોઈએ તો ભય જ આપણા જીવનનું નિયામક મૂલ્ય બની રહે.

આજની પરિસ્થિતિનું તટસ્થતાથી નિદાન કરનારાઓ આ હકીકત

એને દુર્લક્ષ કરી શકતા નથી. સ્વર્ગારોહણપર્વનો એકલો અટૂલો વિચ્છિન્ન યુધિષ્ઠિર કે યાદવાસ્થળીને નહીં અટકાવી શકનાર ને સામાન્ય શિકારીને હાથે ગરીબડા હરણની જેમ પગની પાનીમાં તીર વાગવાથી મરણ પામનાર અવતારી પુરુષ કૃષ્ણ જ કદાચ આપણા સાચા પ્રતિનિધિઓ છે.

હું બીજા સાથે મારો સંબંધ જોડું તે પહેલાં મારે એ 'હું'ને તો સિદ્ધ કરી લેવો જોઈએ. પણ એ ભારે અટપટી વાત છે. મારી ચેતના મારાથી ઇતર એવા કશાકના સન્નિકર્ષમાં આવે છે ત્યારે જ એનું મને ભાન થાય છે. 'હું'ની ઉપલબ્ધિ માટે 'હું'થી ઇતરનો સન્નિકર્ષ અનિવાર્ય બની રહે છે. આ અર્થમાં આપણે બધા જ ઐતરેય છીએ. તો વળી બીજી રીતે જોઈએ તો આપણે બધા દ્વૈપાયન પણ છીએ–આપણે સૌ પોતપોતાના અળગા દ્વીપમાં વાસ કરીએ છીએ. મારે વિશેની જે ઓળખ મને હોય તે બીજા સાથેના વ્યવહારમાં જો કાર્યસાધક ન બને તો એ ઓળખનો કશો અર્થ રહેતો નથી. હું બીજાથી અળગો છું એટલું માત્ર ભાન મારા 'હું'ને સિદ્ધ કરવાને પૂરતું નથી, કારણ કે આ અળગાપણું તો ખાલી પાત્ર થયું. એ પાત્રમાં વ્યક્તિમત્તાનું દ્રવ્ય તો હજી ભરવું બાકી છે. આ વ્યક્તિમત્તા ઇતરના સન્નિકર્ષથી આકાર પામે છે, ને ઇતર સાથેના વ્યવહારના માધ્યમ તરીકે સ્વીકૃત બને ત્યારે જ એને કશુંક મૂલ્ય પ્રાપ્ત થાય છે. ખરી મુશ્કેલી અહીં જ રહેલી છે. ઇતર સાથેના વ્યવહારમાં કાર્યસાધક 'હું', અને જેના અળગાપણાની જ મને કેવળ જાણ કે ઓળખ છે એ 'હું'—આ બેને સાંધી શકાય ખરા? જે લોકો કેવળ રૂઢિએ ચીલે પોતાનું ગાડું ગબડાવી મૂકે છે તેમને આ પ્રશ્ન થતો નથી, કારણ કે એ લોકો અવેજી જીવન જીવવાનું મંજૂર રાખે છે. ત્યાં દરેક પરિસ્થિતિ પરત્વે પોતાના આગવા પ્રતિભાવથી 'હું'નો પિણ્ડ બાંધવાની જરૂર ઊભી થતી નથી. જે લોકો તન્ત્ર રચીને બેઠા હોય છે તેમની રચના પણ આખરે તો એ તંત્રને જ અધીન હોય છે. એ તંત્રને ઉવેખી જઈને પોતાનો સાચો ચહેરો એઓ પ્રકટ કરી શકતા નથી. તંત્રની ચાવી ભીતરની પાથરીના રબરસ્ટેમ્પ જ એમના વ્યક્તિત્વની છાપ બની રહે છે. પણ કેવળ વ્યક્તિ બનવામાં આપણી ઇતિ આવી જતી નથી, આપણને ચરિત્ર પણ હોવું જોઈએ. આ રીતે જોઈએ તો આ વિચ્છિન્નતા તે વ્યક્તિ અને ચરિત્ર વચ્ચેની વિચ્છિન્નતા છે. ચરિત્ર વિનાનું વ્યક્તિત્વ તે માત્ર પરિસ્થિતિ છે. નવલકથાકારનાં પાત્રો વ્યક્તિ તરીકે કથાનકમાં પ્રવેશે છે, અને કથાનકના અન્ત સુધીમાં ચરિત્રને પામવા મથે છે. વ્યક્તિ

અને ચરિત્ર વચ્ચેની વિચ્છિન્નતા આજની નવલકથાની એક મોટી સમસ્યા છે

વ્યક્તિ આજે જે પરિવેશ વચ્ચે જીવે છે તેમા મચી રહેલા વમળો ઘટનાઓના પરિમાણ અને ઇયત્તા તથા સમૂહનો માથે તોળાઈ રહેલો ભાર એ વ્યક્તિને નહિવત્ કરી નાખે છે જેની આજુબાજુ ચરિત્રને વિકસાવી શકાય એવું કશુંક નક્કર આ બધા તુમુલ બળો વચ્ચે સાવ દબાઈ જાય છે, એ ટકવાના ખોખાને લપેટાઈને કેવળ ટકી રહેવાના ઉધામા આચરે છે ટકી રહેવાનો આ પરિશ્રમ તે જ જીવન, એમ પછી મનાવા લાગે છે

પોતાના અળગાપણાને ઉપાડવાનો ભાર કોઈ ક્યા સુધી વેઠી શકે? ઇતરને મન મારો 'હું' કેવો છે તે હું જાણી શકતો નથી, મારે મન 'હું' જે છુ તેની ઓળખ કરવા પૂરતા વ્યવહારને ટકવવાની કોઈ સમાન ભૂમિકા પણ પ્રાપ્ત નથી સનાતન સત્ય ને સનાતન આદર્શોની સનાતનતા કેવી તો બરડ છે, ને એવા પાયા પર ભ્રાન્તિ સિવાય કશુ રચી શકાતું નથી તે આપણી આજની પરિસ્થિતિએ સ્પષ્ટ કરી આપ્યુ છે સનાતનનું સનાતનત્વ નક્કી કરવાનો અધિકાર મને ક્યાથી મળ્યો? અરે સનાતન એ મંત્રાનો મર્મ હુ શાને આધારે નક્કી કરુ? સત્ય જડ નથી, મારે જ અધિકારી નથી નિકાલાબાધિત તત્ત્વમા આખ મીંચીને શ્રદ્ધા મૂકવાથી વિચ્છિન્નતાનો છેદ ઉડાવી શકાતો નથી

આમ કળાકાર સમજતો થયો છે કે વિચ્છિન્નતા જ આજની માનવ પરિસ્થિતિનું વ્યાવર્તક તત્ત્વ છે એની નિર્ભ્રાન્ત અને વિશદ સંવિત્તિ જ એક આગવું મૂલ્ય છે; પોતાના સામર્થ્યથી આ વિચ્છિન્નતાનો સાક્ષાત્કાર કરવો અને કરાવવો એ કલાકારનો પ્રાપ્ત ધર્મ છે વિચ્છિન્નતાના સૂત્રે જ આપણે સૌ પરોવાયેલા છીએ

(આકાશવાણી, ૬-૭-'૬૧)

## ૨. મૂલ્યાંકનની કટોકટી

ભોગીલાલ ગાંધી

આજે આપણે સાહિત્યક્ષેત્રના મૂલ્યોની વાત વિચારવાની છે આ શ્રેણીમા આજની વિવિધ માનવીય પ્રવૃત્તિઓ લેખકની મુક્તવિહારી સર્જનશીલતાની આડે કેવી રીતે આવે છે, તેનુ પૃથક્કરણ કરવાનુ છે, અને માર્ગ સૂચવવાનો છે।

કામ બહુ કપરું છે. લેખકના મુક્ત સર્જન આડે આજે શું નથી? એવો સવાલ પૂછવો પડે તેવી સ્થિતિ છે. અને અપરંપાર પરિબળોને વીંધીને લેખકે મૂલ્યો પ્રગટ કરવાનું રહે છે! આખી પ્રક્રિયા અત્યંત જટિલ છે, અને સૂક્ષ્મ પણ છે. ...બેર.

૧. સૌથી પ્રથમ તો જુદા જુદા મૂલ્યો કેવી રીતે પ્રગટનાં હોય છે એનો પ્રાથમિક ખ્યાલ લઈએ. જે જમાનામાં બાર્ટર(barter)પદ્ધતિ એટલે કે ચીજવસ્તુના વિનિમયનો વ્યવહાર શરૂ થયો, અને માણસ એક કોથળો ઘઉં આપીને બદલામાં ડગલો મેળવતો થયો, ત્યારથી ઘઉં અને ડગલાને વ્યાવહારિક મૂલ્ય પ્રાપ્ત થયું. પરંતુ ત્યારેય ગુફામાં કે ઘરની ભીંત ઉપર જે માણસ ચિત્ર ચીતરતો હશે, વા નદીકાંઠે ગાયો ચરાવતો લાંબે સૂરે રાગોટા તાણતો હશે, અથવા વર્ષાની ઝરમર ઝીલતો તાનમાં આવી નાચતો હશે—તે ચિત્ર, ગીત કે નૃત્યનું મૂલ્ય શું? કેવળ નિજાનંદ કે બીજું કાંઈ?

આવો અહેતુક સહજ આનંદ—ક્વચિત્ આખા પરિવાર વા સમૂહનો આનંદ પણ હોઈ શકે, પરંતુ એટલી વાત નક્કી કે એને વ્યાવહારિક ઉપયોગિતાનુ મૂલ્ય ન હતું; તેમ છતા તે સમયના મનુષ્યના જીવનમાં તો એનું સ્થાન હતું; એનો અર્થ જ એ કે આવી નિજાનંદની પ્રવૃત્તિ ત્યારે ભૌતિક સગવડ યા ઉપયોગિતાનુ સાધન ન હતી, છતાં જીવનના આનંદનું નિમિત્ત તો હતી જ. આ અર્થમાં તેને જીવનમૂલ્ય કહી શકીએ

હવે એ જ જમાનાનુ બીજુ ચિત્ર જોઈએ—થોડાંક સ્ત્રી પુરુષો ભેગાં મળી ગાતા ગાતા કોઈ સમૂહશ્રમમા પરોવાયેલાં દેખાય છે. વાત સ્પષ્ટ છે કે અહીં, ગીત શ્રમના ભાગ રૂપે—સમૂહશ્રમને હળવો કરવાના હેતુથી અથવા તેને આનંદમાં ફેરવી નાખવાના હેતુથી પ્રગટ થયું છે, આથી કરીને અહીં ગીતનુ મૂલ્ય બદલાઈ ગયું છે; અહેતુક સહજ આનંદને બદલે સામાજિક વ્યાવહારિક મૂલ્ય તેને પ્રાપ્ત થયું ગણાય. પરંતુ હજી પેલા સહજ આનંદનું મૂલ્ય અને આ વ્યાવહારિક મૂલ્ય—બને વચ્ચે કશો વિસંવાદ જન્મ્યો નથી—બને પરસ્પર પૂરક છે.

પરંતુ ત્યાર પછીના જમાનામાં જ્યારે કારીગર-કલાકારનો નોખો વર્ગ ઊભો થયો, અને જેટલે અંશે કારીગરી અને કલા ઉપજીવિકાનાં સાધન બન્યાં, તેટલે અંશે તેમના શ્રમનુ—આનંદનું મૂલ્ય અદૃશ્ય થયું; અને અર્થ-ઉપાર્જનના સાધન તરીકેનું વ્યવસાયી મૂલ્ય પ્રાપ્ત થયું. અને પછી તો, જમાનો એવો પલટાયો કે, તમામ વસ્તુનું મૂલ્ય નાણાંમાં અંકાવા લાગ્યું—

ખુદ માણસની શ્રમશક્તિ, બુદ્ધિ, કલા-કારીગરી સુધ્ધાં ખરીદવેચાણની બજારુ ચીજવસ્તુ(Commodity) બની ગઈ, અને અતિરિક્ત શ્રમ (Surplus labour)માંથી બીજા કોકને માટે, નફાની નવી ગુંજાયશ પેદા થઈ. આમ મૂલ્યાંકનની દુનિયામાં ક્રાંતિ સર્જાઈ ગઈ! મૂલ્યાંકનની આ ક્રાંતિએ જીવનના તમામ ક્ષેત્રે મૂલ્યોની કટોકટી પેદા કરી દીધી! પરંતુ હજુય વધુ કપરી પરિસ્થિતિ જન્મવાની બાકી હતી! તે કામ કર્યું સર્વવ્યાપી ટેકનોલૉજીએ. સમૂહ ઉત્પાદન, સમૂહ શિક્ષણ અને સામૂહિક અક્ષરજ્ઞાનની સાથોસાથ કલા અને સાહિત્યની માગ પણ બેહદ વધી ગઈ! સરકાર એના પ્રચાર માટે, તો સંસ્થાઓ-સંગઠનો અને નેતાઓ પોતપોતાના ઉદ્દેશો માટે અને પ્રકાશકો અને વિક્રેતાઓ એમના નફાની દૃષ્ટિએ, તથા જનસમૂહ એના મનોરંજન માટે માગે તેવો માલ પૂરો પાડવાની જવાબ-દારી લેખક-કલાકારને માથે આવી પડી. આજીવિકા અને યશની પ્રાપ્તિ પણ એ માંગને સંતોષીને જ પ્રાપ્ત કરવી રહી! પરિણામે અઢળક સાહિત્ય પેદા થવા લાગ્યું-મૂલ્યની વાત જ કેવળ વીસરાઈ ગઈ!

અને અધૂરામાં પૂરું મૂલ્યવિકૃતિનું આખરી કાર્ય પાર પાડ્યું સર્વ-સત્તાવાદી(Totalitarian) રાજ્યશાસને. કેવળ તેની જ જરૂરિયાત, તેની જ વિવેકબુદ્ધિ, તેનો જ આદર્શ, તેનું જ લક્ષ્ય એક માત્ર સર્વોપરી મૂલ્ય બની ગયું!

આ બધાને પ્રતાપે આજના જૂથવાદી સમાજમાં ભયંકર વિષમતા જાગી છે. 'વ્યક્તિ' રહી, 'વ્યક્તિત્વ' (Individuality) ગયું; 'પાત્ર' રહ્યું, 'લાક્ષણિકતા' ગઈ; 'સંખ્યા' રહી, 'ગુણવત્તા' ગઈ! માણસનો કુદરત સાથેનો સંબંધ તેને જીવવા પૂરતો રહ્યો, ને પરિણામે માણસ પોતે જ જડ પરિબળોને આધીન બનતો ગયો; માણસે શ્રમને પોતાની આજીવિકા પૂરતું સાધન બનાવ્યું, તો માણસ પોતે જ તેના શ્રમ ખરીદનારનું સાધન બની ગયો! નિકટતમ સ્વજન-સંબંધીઓ સાથેનો સંબંધ વધુ ને વધુ જરૂરિયાત પૂરતો, ઔપચારિક થયો, ને પોતાના જ સંબંધ વચ્ચેની તડ કોઈ માણસ જાતે જ હબકી ઊઠ્યો; અને પોતાને વિશે પોતે જ સાશંક બન્યો ને પોતાની ચેતનાથી પોતે જ ભય પામી ગયો! વધુમાં...આ આખી પરિ-સ્થિતિ જાણે પૂર્વનિર્ણિત(pre-destined) અને અપરિહાર્ય જણાવા લાગી; 'વ્યક્તિ' કશું કરી ન શકે, ને 'જૂથ' કશું કરવા ન દે, માટે કશું જ શક્ય નથી-આવો તર્ક સૌને સદતો ગયો. આમ સાર્વત્રિક વિચ્છિન્નતા અને ભગ્નતાની તાસીર આ યુગની લાક્ષણિકતા બની ગઈ!

૨. આજના યુગના લેખક-કલાકારની સમસ્યા તો અનેકગણી વધુ વિકટ છે. એણે એક સાથે અનેક મોરચે ઝૂઝવાનું છે. એક નાગરિક તરીકે તો તેણે અન્ય સૌની જેમ જીવનસંગ્રામ ખેડવાનો રહે જ છે. ઉપરાંત એનો વ્યવસાય જ એવો છે કે તે મુક્ત હવા વિના ગૂંગળાઈ મરે. એથી જ તો, આજના જમાનામાં કદાચ સૌથી આર્થિક વિચ્છિન્નતા, નિર્વેદ અને એકલતાનું કોઈ પ્રતીક હોય તો તે લેખક-સર્જક જ હશે. પાસ્તરનાક કહે છે તેમ, 'આજના સમૂહયુગ (mass age)માં એક માત્ર લેખક વ્યક્તિવાદી અવશેષ છે. એના મરજાદી(orthodox) સમકાલીનોને તો તે અર્ધો પાગલ જણાય છે, અને એના સાથીદારોને વિદૂષક' એમ આપણે ઉમેરી શકીએ.

પરંતુ રહસ્ય તો એ વાતમાં રહેલું છે કે આ બધું કાંઈ લેખક-સર્જકના વિશિષ્ટ વ્યવસાયને અનુપકારક નથી. બહારની સપાટી પરની અપરંપાર વિશૃંખલતાઓ અને આંતરિક જીવનની પણ પારાવાર વિચ્છિન્નતા, વિસંવાદિતા, એકલતા ને નિર્વેદ—આ બધું સાચા સર્જકને માટે તો ભાથું બની જાય છે, જેમાંથી તે સૌન્દર્યની ઉપાસના દ્વારા એકતા, સંવાદિતા અને અખંડતા પ્રગટાવવા મથે છે.

આ આખી પ્રક્રિયા અતિ જટિલ છે. માત્ર માનવ જાતના જ નહિ, સમસ્ત બ્રહ્માંડના સંવેદનો સાથે એક પ્રણયીના જેવું તાદાત્મ્ય સાધવાની અને એ બધાને આત્મસાત્ કર્યા પછી એક યોગીની જેમ ઠરીઠાર તટસ્થતાથી પ્રગટ કરવાની સાધના બીજા કોઈ પણ વ્યવહાર અને વ્યવસાયથી સર્વથા ભિન્ન છે. સર્જન-વ્યાપારની આ વિલક્ષણતા છે. આથી જ તો અગાઉ આત્મસાત્ કરેલાં અને સતત નવાં નવાં આત્મસાત્ થઈ રહેલાં સંવેદનોને અભૂતપૂર્વ આવિષ્કાર આપવાની તેની મથામણમાં ચીલાચાલુ રીતિ, પદ્ધતિ, પરંપરાગત અલંકારો ને શૈલી, રૂઢ પ્રતીકો અને શબ્દાર્થો, રૂઢ આકારો અને ઢાંચાઓ તથા આ બધા અંગેના મૂલ્યાંકનો ને સિદ્ધાન્તો ઓછામાં ઓછા ખપમાં આવે છે, ઘણી વાર તો આડેય આવે છે! જૂની મૂર્તિને નવા વાઘા સજાવવાથી એનો વ્યાપાર ધીકતો થવાનો નથી, એ તે જાણે છે. આથી તે પ્રત્યેક નાનામાં નાના ઉપકરણ (સાધન) અને ઉપાદાન(દ્રવ્ય)ની બાબતમાં સચિંત રહે છે, અને નવા નવા અખતરાઓ કરતો રહે છે. સાહસનું આવું એકધારું ઇજન એને માટે જીવન અને મૃત્યુ વચ્ચેની ઉપસ્થિતિ શક્ય બનાવે છે.

કલાકારની આ સાધના અત્યંત દુષ્કર છે. પરંતુ અંતે જ્યારે તેને

સિદ્ધિ આમ થાય છે, ત્યારે તો ખરેખરો ચમત્કાર સર્જાઈ જાય છે! જીવનનું સમસ્ત અંતઃસ્તત્ત્વ (દર્શન, સંવેદન, અનુભૂતિ સહિતના તમામ સત્ત્વો) પોતે જ વિરલ સૌંદર્યરૂપે પ્રગટ થાય છે! આમ 'Content પોતે જ રૂપાંતર પામી રચનારૂપે પ્રગટ થાય છે અને ત્યારે પેલો પાગલ માનવી વિશ્વકર્માને આસને બેઠેલો દેખાય છે! અલબત્ત, આનો અર્થ એવો નથી કે સાહિત્ય વા કલાનું આ સર્જન જીવનનિરપેક્ષ છે, અથવા કલાકાર જીવનથી પર એવા કોઈ મૂલ્યો સર્જે છે પરંતુ આનો અર્થ એટલો તો ખરો જ કે આવું સર્જન વ્યવહારજીવનથી નિરપેક્ષ છે, વ્યવહારજીવનની સમાંતરે તેનો સ્વતંત્ર લીલાવિસ્તાર છે, અને વ્યવહારજીવનથી સાવ અનોખાં, ભિન્ન રૂપો અને રચનાઓ દ્વારા તે સૌંદર્યનું આગવું મૂલ્ય પ્રગટ કરે છે આમ છતાં એ મૂલ્ય જીવનનિરપેક્ષ તો નથી જ

કેમકે જ્યાં જીવનનો સ્પર્શ નથી ત્યાં સર્જન પાંગળું રહે છે જ્યાં 'સિસિફસ' જેવો પુરુષાર્થ નથી ત્યાં સર્જનમાં બળવત્તા આવવી શક્ય નથી. જ્યાં જીવનદર્શન સપાટી ઉપરનું જ રહી જાય ત્યાં કુશળ કારીગીરી શક્ય બને, સુંદર આકાર, પ્રકાર અને અવનવું રચનાકૌશલ્ય શક્ય બને, પણ સૌંદર્યની ચિરંજીવિતા તો નહિ જ આથી જ તો સાચો સર્જક એના સર્જનવ્યાપાર દ્વારા જે ક્ષણે સૌંદર્યનું મૂલ્ય સિદ્ધ કરે છે, તે જ ક્ષણે જીવનમૂલ્ય પણ પ્રસ્થાપિત કરી જ ચૂક્યો હોય છે

કામૂ, પાસ્તરનાક, હેમિંગ્વે, લાર્કા, સાર્ત્ર વગેરે આના ઉત્કૃષ્ટ અદ્યતન દૃષ્ટાંતો છે

(આકાશવાણી, ૧૩-૭-૬૧)

## ૩. હતાશ મનોદશા

**યશવંત શુક્લ**

આ જગત અને તેમાંનું જીવન એક ભુલભુલામણી છે અને જન્મના દ્વારેથી તેમાં પેસી ચૂક્યા, મરણના દ્વારેથી બહાર નીકળે ત્યાં સુધી ભુલભુલામણીમાં આંટાફેરા કરે છે, એ કલ્પના માયાવાદને આટલાં બધાં લાડ લડાવનાર દેશને માટે નવી નથી લેખક પણ આ જગતમાં વિચરનારો માણસ હોઈને બીજા માણસોની માફક જ આ

ભુલભુલામણીમાંથી માર્ગ શોધવા ફાંફાં મારે એ સમજી શકાય એવું છે. બીજાં માણસો કરતાં આ બાબતમાં લેખકની વિશેષતા એવી કહી શકાય કે મરણ આવીને બહાર કાઢે ત્યાં સુધી ભુલભુલામણીને સારસર્વસ્વ માનવા કરતાં એના કોયડાનો ઉકેલ મેળવવા એ મચી રહે છે અને ઉત્તર ન જડે ત્યાં સુધી બેચેન રહે છે.

પણ વાર્તાલાપશ્રેણીને આ વ્યાપક ભુલભુલામણી કદાચ ઉદ્દિષ્ટ નથી. એમાં તો ભુલભુલામણીની અંદરની ભુલભુલામણીની–લેખકે પોતે સરજેલી ભુલભુલામણીની વાત છે. જીવનની ભુલભુલામણીનો કોઈ ગૂંચ-વાડો ઉકેલવા કે તે દર્શાવવા લેખક લખે એ તો સમજી શકાય એવું છે, પણ આ વાર્તાલાપશ્રેણીમાં તો લેખક પોતે જ ગૂંચવાડારૂપ બન્યો છે, તેની વાત છે.

ભ્રમો વિદારવાનું અને જીવનનાં રહસ્યોનું ઉદ્ઘાટન કરવાનું જેનું કામ છે, એવો લેખક પોતે ભ્રમોમાં અટવાય અથવા ભ્રમજાળ સરજે એ કંઈ અસંભવિત નથી, એ હકીકત પહેલેથી જ સ્વીકારી લઈને ચાલીએ. લેખક માણસ છે અને એની બુદ્ધિ કે કલાસૂઝ ગમે તેટલી વિકસિત હોય તોપણ આખરે એ અપૂર્ણ માણસની મર્યાદિત શક્તિઓ છે, એટલે માણસ જેટલા પ્રમાણમાં અને જેટલા પ્રકારની ભૂલો કરી શકે તેટલા પ્રમાણમાં અને તેટલા પ્રકારની ભૂલો લેખક પણ કરી શકે એમ છે, એમ સ્વીકારવામાં હરકત નથી.

એક બીજી પણ વાત સ્વીકારીને જ ચાલીએ. માણસ — લેખક હોય તેવો માણસ સુધ્ધાં — જે ભૂલો કરે તેનો હમેશાં પોતે સાક્ષી ન પણ હોય, અર્થાત્ કેટલીક ભૂલો એ અજાણતાં પણ આચરતો હોય, કદી કે ભૂલો એના પર ગુજરતી હોય.

આજના મારા વાર્તાલાપના વિષયની ભૂમિકા હવે બંધાઈ ગઈ. વાર્તાલાપશ્રેણીના યોજકોને કંઈક એવું ઉદ્દિષ્ટ હોય એમ લાગે છે કે લેખકની હતાશ મનોદશા, એ લેખકે પોતે સરજેલી એક ભુલભુલામણી છે, અર્થાત્ એમાં રહેવાનો કે નીકળવાનો એ પોતે નિર્ણય કરી શકે તે માટે એને એના વિશે થોડોક સભાન બનાવવો જોઈએ. લેખક હતાશ થયો હોય અને એને પોતાને એ વાતનું ભાન ન હોય એવું તે કંઈ બનતું હશે? પ્રશ્ન વાસ્તવિક છે. પણ હતાશા અને હતાશ મનોદશા વચ્ચે ફરક છે એ પણ આપણે સમજી લેવું જોઈએ. હતાશા એ કોઈ ચોક્કસ વિષમ પરિ-સ્થિતિએ કરાવેલા અનુભવે પ્રેરેલી લાગણી છે; હતાશ મનોદશા એ માન-

સિક દૌર્બલ્યનો એક સંકેત છે, કહો કે એક મનોરોગ છે હતાશ કરે એવી પરિસ્થિતિનો ચિત્ત ઉપર વારંવાર આઘાત થવાથી હતાશ મનોદશા ઉત્પન્ન થઈ શકે ખરી, પરંતુ એવી પરિસ્થિતિ ન હોય ત્યારે પણ જન્મના, કુટુમ્બના, સમાજના, વ્યક્તિગત સ્વભાવના દોષોથી પણ હતાશ મનોદશા પ્રગટી રહે ખરી સ્વભાવથી જ નિરાશાવાદી હોય એવા માણસો કોઈએ તેડવા જડશે, જેમ સ્વભાવથી જ આશાવાદી હોય એવાઓનો પણ તોટો નથી આ સ્વભાવને અને પરિસ્થિતિને દૂરનો સંબંધ હોય તોપણ તાત્કાલિક સંબંધ ન હોય એમ બને

હવે જો કોઈ એકાદ લેખક હતાશ મનોદશા લઈને, લમણે હાથ દઈને બેઠેલો હોય તો તો એને હતાશાનો માનસિક વ્યાધિ નડે છે એમ કહીએ કોઈ એક જ દેશના બધા લેખકોના લખાણોમા હતાશ મનોદશા પ્રતિબિંબિત થતી હોય તો એ દેશનો ઇતિહાસ ઉકેલીએ, એની વર્તમાન સ્થિતિ તપાસીએ, એ દેશની પ્રજાના ઘડતરમા પડેલા તત્ત્વોની ખોજ કરીએ અને આ મનોદશા પરિસ્થિતિજન્ય છે કે પ્રજાકીય લક્ષણ છે તેનો નિર્ણય કરીએ પરંતુ દુનિયામા ઠેરઠેર જો લેખકોમા હતાશ મનોદશા વરતાતી હોય તો એને રોગલક્ષણ કહીએ કે એનુ બીજુ નામ પાડીએ?

નિયતિ—અધભિત્તિ, સામે માથુ અફાળવાથી ભીંત નહીં પણ માથુ ફૂટશે, એ ભાન એટલે હતાશા ઘોર વિનાશના શસ્ત્રાસ્ત્રો સજીને બેઠેલા આપખુદ શાસકોની સામે થવા જતા અર્થ સરશે નહિ એ ભાન એટલે હતાશા, આત્માના સત્યના ક્ષીણ પ્રશાન્ત અવાજને કોલાહલ ગળી જશે એ ભાન એટલે પણ હતાશા, અને સર્જકોની કલ્યાણમાર્ગે થતી યાત્રાના વૈફલ્યની પ્રતીતિ એટલે પણ હતાશા જ અન્તે સત્યનો, એટલે કે ધર્મનો જય થવાનો જ છે એવી અતપ્રતીતિ કે શ્રદ્ધા જો ટકેલી હોય તો તો મૃત્યુને પણ હસતા હસતા આલિંગી શકાય પણ સત્ય અને ધર્મની વ્યાખ્યાઓ કે વિભાવનાઓ પણ જ્યારે સશસ્ત્રના ત્રાજવે તોળાતી હોય ત્યારે અસ્તિત્વ નિસાર અને અર્થહીન લાગે અને મૃત્યુનો ઉપયોગ પણ કેવળ અસાર અસ્તિત્વના બોજમાથી છૂટવા પૂરતો જ સમજાય સાભળ્યુ છે કે ફ્રેંચ લેખક અને તત્ત્વચિંતક અસ્તિત્વવાદી સાર્ત્રના લખાણોથી પ્રભાવિત થયેલા ફ્રાન્સના જુવાનિયા આપઘાત કરીને જીવનનો અંત આણવા પ્રેરાતા હતા પણ આલ્બેર કામૂને આપઘાત પણ એબ્સર્ડ—અસંગત—લાગે હેમિંગવે, મોર્ગન આદિના લખાણોમા પણ હતાશાનો જ ઉચ્છ્વાસ છે આટલા દાખલા ઉપરથી પણ આ હતાશા જગદ્વ્યાપી છે

દુર્જેય અને અનિવાર્ય લાગતી પરિસ્થિતિનું એ ફરજંદ છે: એ પરિસ્થિતિએ વિકાસને નામે માણસજાતને લોભાવી છે અને હવે વિનાશની ગર્તામાં માણસજાતને વેગથી એ ખેંચી રહી છે. આ અનિવાર્યતાને પડકારે અને આ શૂન્યતાને વિદારે એવો સમગ્ર માનવકુલનો આશાભર્યો કવિકંઠ ખૂલશે? ક્યારે? ન જાને। કવિ જ એ કહી શકે. કવિ જ શ્રદ્ધા ધારી શકે, કવિ જ શ્રદ્ધા પ્રબોધી શકે, કવિ જ આ છિન્નતાના સાગરમાંથી મનુષ્યજાતને તારી શકે.

(આકાશવાણી, ૨૦-૭-'૬૧)

# ૪. શ્રદ્ધાનો પાયો

## મનુભાઈ પંચોળી

સર્જક શાના સારુ પોતાનું સર્જન કરે છે? સામાન્ય રીતે તેનો જવાબ એવો અપાય છે કે પોતાની સર્જનવૃત્તિને અવકાશ આપવા. બહુ અંશે આ વાત સાચી છે. પણ તે સર્વાંશે સાચી હોત તો સર્જક પોતાના સર્જનને સહુની વચ્ચે ન મૂકતો હોત, એકાંતમા પોતાના સર્જનને વારે વારે માણીને જ તૃપ્તિ અનુભવતો હોત. પણ સર્જક પોતાની કૃતિ તૈયાર થતાં જ પોતાનાં સ્નેહી-સંબંધીઓને, મિત્ર પરિવારને, બતાવ્યા વંચાવ્યા સિવાય રહી શકતો નથી. એટલું જ નહીં પણ પોતે નહીં જોયેલ ભાવકવર્ગની પાસે પણ મૂકે છે.

તેનું કારણ સર્જકને પ્રશંસાની કદરની, પુરસ્કારની ભૂખ હોય છે, તેમ ગણાવાય છે. અલબત્ત તે પણ હોય જ છે. પણ તેના કરતાંયે પ્રબળ ઇચ્છા પોતાને સર્જનની પ્રક્રિયામાં જે આનંદાનુભવ થયો તેમાં બીજાઓ પણ ભાગીદાર થાય તે હોય છે. કેવળ એકાંતના સુખથી તેને સંતોષ થતો નથી. બીજાઓ પણ તે આનંદના સહભાગી થઈ પોતાના આનંદમાં વધારો કરે તેની અપેક્ષા સર્જકની હોય છે. સર્જકના સંતોષનો હામી આખરે એ માણનાર વર્ગ છે. સર્જન કરતા જે આનંદ થયો તે અને સર્જનની સ્વીકૃતિ થતાં સંતોષ થયો તે, બને અલગ છે. ને આવું હોવાથી સર્જકને જ્યારે એવી જાણ થાય છે કે ભાવકવર્ગ એની કૃતિમાં આનંદ લઈ શકતો નથી, ને તેથી તેની કૃતિની કદર થતી નથી ત્યારે

તે દુઃખી પણ થાય છે. જોકે સર્જન કરતા તેણે જે ભાવશીલતાનો, સૌન્દર્ય-નિર્માણનો અનુભવ લીધો તે કાંઈ લૂંટાઈ ગયો નથી–તે લૂંટી લેવાની તો કોઈની મજાલ નથી; પણ કદર થાય કે નહીં તે ભાવક પર આધાર રાખે છે, ને ન થાય તેવા સંજોગોમાં સર્જકને દુઃખ થાય છે ખરું.

આ દુઃખ કે અસંતોષને કારણે સર્જકમાં કોઈ કોઈ વાર એવા વલણો પણ ઊભા થાય છે કે ભાવકની પ્રશસા અને કદરદાનીને લક્ષમાં રાખીને પોતાનુ સર્જન શા સારુ ન કરવું? વાચકવર્ગ તે આખરે આપણો શેઠ છે ને તેને જો આપણા આનદમાં ભાગીદાર ન કરી શકીએ તો આપણો સર્જનનો મૂળ હેતુ જ માર્યો જાય છે. તેવા સંજોગોમા યોગ્ય માર્ગ એ નથી કે આપણી કૃતિ ભાવકને લાયકની બનાવીએ? વસ્તુ, તેનું વાહન, તેની રજૂઆત આ બધી બાબતમાં આ વાત શા સારુ સામે ન રાખવી?

ધંધાદારી નાટકો લખવા–ભજવવાવાળા, ધંધાદારી લેખો લખવા-વાળાઓ ઘણી વાર આને નજર સમક્ષ રાખીને ચાલે છે. અમુક અંશે એ વાતને અવગણવા જેવી નથી; પણ કોઈ પણ સત્ત્વશીલ સર્જકને માટે જો એ ગજ બની જાય તો એ ઘણું જોખમી છે.

કારણ કે એમા આખરે લેખકનો ગજ સુરુચિ કે સૌન્દર્ય નહીં પણ લોકરુચિ બની જાય છે. ને સૌ એ જાણે છે કે લોકરુચિ બદલાતી, સુધરતી કે બગડતી વસ્તુ છે.

એક દહાડો નાટકની અંદર ફારસ આવવાં જ જોઈએ એમ લોક-રુચિ માગતી હતી; ને પુરાણના સમયનાં નાટકોમાં પણ આ ફારસ લાવવા માટે હાસ્યાસ્પદ પ્રયત્નો કરવા પડતા. આજે આપણાં ટૂંકાં કે લાંબાં નાટકોમાથી આ લગભગ અદશ્ય થયેલ છે.

લોકરુચિની માગ, ને પોતાના અંતરાત્માની તૃપ્તિ આ બે વચ્ચે સત્ત્વ-શીલ લેખક ઘણી વાર મૂઝાતો હોય છે, રહીમની જેમ તેનેય થાય છેઃ

અબ રહીમ મુશ્કિલ પડી, ગાઢે દોઉ કામ,
સાંચે સે તો જગ નહીં જૂઠે મિલે ન રામ.

—પોતાનું સત્ત્વ જાળવી રાખે તો ભાવક સંતોષાતો નથી, ને ભાવકને સંતોષવા જાય તો અંતરનો રામ રીઝતો નથી.

સત્ત્વશીલ સર્જક આ દ્વંદ્વયુદ્ધમાથી ઘણી વાર રસ્તો કાઢી—

બુધવિશ્રામ લોકમનરંજન

—જેવી કૃતિ સર્જી શકે છે. પણ ઘણી વાર એમ નથી બની શકતું; કારણ કે આખરે સર્જનનુ પ્રેરણાસ્થાન સહાનુભૂતિ હોય છે, સાચો

સર્જક હમેશાં કવિ ઠાકુરની વાણી સદૈવ રટતો હોય છે:

"અંતર મમ વિકસિત કરો
અંતરતર હે
મુક્ત કરો હે સબાર સંગે
મુક્ત કરો હે બંધ."

"આ ન્યાત-જાત, આ દેશ-પરદેશ, આ સ્થળ-કાળ, જીવ-અજીવના ભેદો ગળી જાઓ. મારા હૃદયની સહાનુભૂતિ આ ચારે બાજુ પ્રગટ થવા મથતા સત્ય ને શિવમય સૌન્દર્યને વીંટળાઈ વળો. એની આડે આવતાં મારાં પૂર્વગ્રહો કે અરુચિઓની શિલાઓ ભેદાઈ જાઓ. 'મારું' 'હું'-નું આ તુચ્છ કોટલું ભાંગો ને પેલા અસીમ આસમાનમાં હું વ્યાપ્ત થઈ જાઉં." સાચો સર્જક એની સર્જનઅવસ્થામાં આ ભાવો અનુભવતો હોય છે.

પણ તેની આજુબાજુના સમાજમાં ઘણું અસત્ય, ઘણા પૂર્વગ્રહો ઘણી જડ રૂઢિઓ, વહેમો હોય છે અને તેનો તે સ્વીકાર કરી શકતો નથી; ને અસ્વીકાર કરે તો તેના આનંદમાં ભાવકને ભાગીદાર કરી શકતો નથી—

અબ રહીમ મુશ્કિલ પડી, ગાઢે દોઉ કામ

—જે વિચારકો ને સાહિત્યિકોએ આપણે ત્યાં પ્રથમ વાર બાળલગ્નનો વિરોધ ને વિધવાવિવાહની હિમાયત કરી હશે તેને આ હૃદયના દ્વંદ્વનો અનુભવ થયો હશે.

વિશ્વામિત્ર, અગસ્ત્યાદિ ઋષિઓએ જ્યારે પ્રથમ વેળા અનાર્યોનો પક્ષ લેતાં સ્તોત્રો રચ્યા હશે, ત્યારે તેમને પણ આ જ અનુભવ થયો હશે.

વેદવાણી જેવાં અભંગો ને ભજનો રચનાર તુકારામ અને ચોખા-મેળાને પણ આ જ અનુભવ થયો હશે. કોઈક એમાં કાંઈક સમાધાન કર્યું હશે ને કોઈકે હથિયાર સાવ હેઠાંય મેલ્યા હશે.

પણ લાંબે ગાળે જેમણે હથિયાર ન નમાવ્યા કે અયોગ્ય સમાધાન ન કર્યું તે સર્જકને જ આખરે વિશેષ સમાધાન પ્રાપ્ત થયું છે, તેની જ કૃતિઓ આખરે ઝળહળી છે.

પણ લોકાદરના કોયડા કરતાંયે મોટો કોયડો સર્જકની પોતાની અનુભૂતિનો છે.

સર્જકની પોતાની અનુભૂતિ ઊંડી છે ખરી? તેને વસ્તુનું અખંડ ને એકાગ્ર દર્શન થયું છે? તેના પોતાના પૂર્વગ્રહો સર્જનાવસ્થામાં ગળી ગયા છે? બીજી રીતે કહીએ તો તે દેહભાવની દાસાવસ્થામાંથી એ વખતે છૂટ્યો હતો ખરો?

## સંસ્થા-સભાસદો

૧ આચાર્યશ્રી, એમ. જી. સાયન્સ ઈન્સ્ટીટ્યૂટ, નવરંગપુરા, અમદાવાદ-૯
૨ આચાર્યશ્રી, એલ. ડી આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯
૩ આચાર્યશ્રી, એ. જી. હાઈસ્કૂલ, નવરંગપુરા, અમદાવાદ-૯
૪ „ સર લલ્લુભાઈ શાહ લૉ કૉલેજ, અમદાવાદ-૬
૫ „ સ્વામીનારાયણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ ૧
૬ „ સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૬
૭ „ હ કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ૯
૮ મંત્રીશ્રી, ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ-૧
૯ „ ગુજરાતી સાહિત્યસભા, અમદાવાદ-૧
૧૦ „ ગુજરાત પ્રાંતીય રા. ભા. પ્ર. સમિતિ, અમદાવાદ-૬
૧૧ આચાર્યશ્રી, દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા (સૌરા.)
૧૨ „ આર્ટ્સ કૉલેજ, ડભોઈ, (જિ. વડોદરા)
૧૩ „ એસ. બી. ગાર્ડા કૉલેજ ઍન્ડ બી. પી. બારૈયા સાયન્સ ઈન્સ્ટીટ્યૂટ, નવસારી
૧૪ „ પેટલાદ કૉલેજ, પેટલાદ
૧૫ મંત્રી, વિલેપારલે સાહિત્યસભા, મુંબઈ-૫૭
૧૬ અધ્યક્ષ, ઓરિયેન્ટલ ઈન્સ્ટીટ્યૂટ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા-૨
૧૭ મંત્રીશ્રી, ગુજરાત સ્થળનામ સંસદ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા-૨
૧૮ મંત્રીશ્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
૧૯ મંત્રીશ્રી, સાહિત્ય અને વિવાદસભા, આર્ટ્સ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર
૨૦ મંત્રીશ્રી, ગુજરાતી સાહિત્ય મંડળ, આર્ટ્સ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર
૨૧ આચાર્યશ્રી, ભી જી. વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગર
૨૨ આચાર્યશ્રી, નલિની અને અરવિન્દ વિનયન મહાવિદ્યાલય, વ. વિદ્યાનગર
૨૩ „ એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત
૨૪ મંત્રીશ્રી, પ્રેમાનંદ સાહિત્યસભા, વડોદરા
૨૫ „ નર્મદ સાહિત્યસભા, C/o ગાંડીવ, સુરત
૨૬ ડીન, ફૅકલ્ટી ઑફ આર્ટ્સ, મ સ. યુનિવર્સિટી, વડોદરા,
૨૭ મંત્રીશ્રી, ગુજરાતી સાહિત્યમંડળ, કલકત્તા-૨૦
૨૮ „ ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ,
૨૯ આચાર્યશ્રી, શ્રી મહિલા કૉલેજ, પોરબંદર
૩૦ „ આર્યકન્યા ગુરુકુલ, પોરબંદર

૩૧ મંત્રીશ્રી, 'કવિલોક' C/o નિપિની પ્રિન્ટરી, મુંબઈ ૨
૩૨ મંત્રી, ગુજરાતી સાહિત્યમંડળ C/o આર આર લાલન કૉલેજ, ભૂજ
૩૩ મંત્રી, વિરમગામ તાલુકા પુસ્તકાલય મંડળ, મુ પો અધાર
૩૪ આચાર્યશ્રી, શ્રી મિત્રમંડળ હાઈસ્કૂલ, બલોલ (જિ મહેસાણા)
૩૫ પ્રમુખશ્રી, શ્રી નરસિંહરાવ દિવેટિયા ગુજરાતી સાહિત્ય મંડળ,
C/o એલ્ફિન્સ્ટન કૉલેજ, મુંબઈ ૧

## સંસ્થા-પ્રતિનિધિ સભ્યો

૧ પ્રો જોષી જયંતકુમાર C/o એસ બી ગાર્ડા કૉલેજ, નવસારી
૨ આચાર્યશ્રી નિત્યાનંદ પટેલ, મહિલા કૉલેજ, પોરબંદર
૩ શ્રી આચાર્ય રવિશંકર વલ્લભજી, વડોદરા
૪ શ્રી કોઠારી ભાઈલાલભાઈ પ્ર, આર્ટ્સ કૉલેજ, ડભોઈ
૫ શ્રી પટેલ રાવજીભાઈ ચ, મંત્રી, ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ
૬ શ્રી બક્ષી યાદવેન્દ્ર પુ, મંત્રી, પ્રેમાનંદ સાહિત્યસભા, વડોદરા
૭ શ્રી દવે નટવરલાલ માણેકલાલ C/o ચારુતર વિદ્યામંડળ, વ વિદ્યાનગર
૮ શ્રી ભટ્ટ પ્રેમશંકર હ, શ્રી સ્વામીનારાયણ કૉલેજ, અમદાવાદ
૯ શ્રી શુક્લ રામપ્રસાદ, એન ડી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૦ ડૉ ભટ્ટ ઇન્દુપ્રસાદ જે, પેટલાદ કૉલેજ, પેટલાદ
૧૧ શ્રી ગોસ્વામી પરસોત્તમગિરિ સો, વિ તા પુ મંડળ, અધાર
૧૨ પ્રા મહેતા કુંજવિહારી સી, એમ ટી બી આર્ટ્સ કૉલેજ, સૂરત
૧૩ શ્રી ત્રિવેદી ચીમનલાલ શિ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૧૪ શ્રી આચાર્ય, દ ગો મહાવિદ્યાલય, અલિયાબાડા
૧૫ શ્રી આચાર્ય, આર્યકન્યા ગુરુકુલ, પોરબંદર
૧૬ શ્રી જોષી જેઠાલાલ, ગુ પ્રા શા ભા પ્ર સમિતિ, અમદાવાદ
૧૭ શ્રી ભટ્ટ ચંદ્રશંકર પુ, ન ભો દિ ગુ સા મંડળ, મુંબઈ

૧૨૬ શ્રી પટેલ મહેન્દ્ર ગો
૧૨૭ ,, પટેલ માણેકલાલ મ.
૧૨૮ ,, પટેલ મોહનલાલ મ.
૧૨૯ ,, પટેલ રજનીકાન્ત
૧૩૦ ,, પટેલ રમણલાલ ગ્રી.
૧૩૧ ,, પટેલ રમણીકલાલ જુ.
૧૩૨ ,, પટેલ સીતાબહેન ડા.
૧૩૩ ,, પટેલ હિંમતલાલ મ.
૧૩૪ ,, પરમાર જયન્ત
૧૩૫ ,, પરમાર જયન્તિકા જ.
૧૩૬ ,, પરીખ ગીતાબહેન
૧૩૭ ,, પરીખ જશવંત મો.
૧૩૮ ,, પરીખ બાલચંદ્ર મ.
૧૩૯ ,, પરીખ રસિકલાલ છો.
૧૪૦ ,, પરીખ વ્રજલાલ ત્રિ.
૧૪૧ ,, પરીખ શાન્તિલાલ ચી.
૧૪૨ ,, પરીખ સુધાબહેન ના.
૧૪૩ ,, પરીખ સોહનલાલ
૧૪૪ ,, પાઠક જયન્તકુમાર
૧૪૫ ,, પાઠક નંદકુમારભાઈ
૧૪૬ ,, પાઠક વિષ્ણુ નંદલાલ
૧૪૭ ,, પારેખ નગીનદાસ ના
૧૪૮ ,, પારેખ બાબુભાઈ ના.
૧૪૯ પ્રો પારેખ મથુરાદાસ ગો.
૧૫૦ ,, પારેખ મધુસૂદન ઢી
૧૫૧ શ્રી પુરોહિત સોમેશ્વર
૧૫૨ ,, પેટલીકર ઈશ્વરભાઈ
૧૫૩ ,, પંચાલ રતિલાલ ગો.
૧૫૪ ,, પંચાલ હરિલાલ
૧૫૫ ,, પંડિત હર્ષવર્ધન અ.
૧૫૬ ,, પંડયા રમણીકલાલ એન.
૧૫૭ પ્રો. પંડયા રામચંદ્ર પ્ર.
૧૫૮ શ્રી પંડયા શિવકુમાર
૧૫૯ ,, પંડયા હસમુખરાય
૧૬૦ ,, પ્રજાપતિ મગનલાલ ગ.
૧૬૧ ,, પ્રોફેસર મનજીભાઈ ક.
૧૬૨ ,, ફડિયા પદ્માબહેન જ.
૧૬૩ ,, ફડિયા મીનાક્ષી આર.
૧૬૪ ,, ફડિયા મુકુન્દ આર.
૧૬૫ ,, બારોટ નાનુભાઈ ક.
૧૬૬ ,, બૂચ હસિતરાય હ.
૧૬૭ ,, બ્રહ્મભટ્ટ પ્રહ્લાદભાઈ
૧૬૮ ,, ભટ્ટ અરવિંદકુમાર
૧૬૯ ,, ભટ્ટ ઇન્દુમતીબહેન બ.
૧૭૦ ,, ભટ્ટ ચિનુભાઈ
૧૭૧ ,, ભટ્ટ દુર્ગાશંકર ભ.
૧૭૨ ,, ભટ્ટ બળવંતરાય જી.
૧૭૩ ,, ભટ્ટ ભરત લાભશંકર
૧૭૪ ,, ભટ્ટ રમેશચંદ્ર મ
૧૭૫ ,, ભટ્ટ વાસુદેવ સોમેશ્વર
૧૭૬ ,, ભટ્ટ સુભદ્રાબહેન ન
૧૭૭ ,, ભટ્ટ સુમતિબહેન
૧૭૮ ,, ભાવસાર જસવંતલાલ.
૧૭૯ ,, ભીમનાથવાલા શર્મિળબેન
૧૮૦ ,, મજુમદાર હરિનભાઈ
૧૮૧ ,, મણિયાર પ્રિયકાન્ત પ્રે.
૧૮૨ ,, મહેતા અશોક બાબુરાવ
૧૮૩ ,, મહેતા ગૌરાંગીબહેન
૧૮૪ ,, મહેતા દિગીશ નાનુભાઈ
૧૮૫ ,, મહેતા ધર્મતા અશોક
૧૮૬ ,, મહેતા બળદેવભાઈ
૧૮૭ ,, મહેતા ભગવાનદાસ જ.
૧૮૮ ,, મામાવાળા કંચનલાલ
૧૮૯ ,, માલવણિયા દલસુખભાઈ

૧૯૦ શ્રી માહુલીકર શ્રીકાન્ત દ
૧૯૧ „ મિસ્ત્રી જયસુખલાલ જ
૧૯૨ „ મિસ્ત્રી શંકરલાલ એમ
૧૯૩ „ મિસ્ત્રી નન્દરલાલ ર
૧૯૪ „ મિસ્ત્રી નવનીતલાલ મ
૧૯૫ „ મિસ્ત્રી રમણલાલ પી
૧૯૬ „ મિસ્ત્રી હરિપ્રસાદ આર
૧૯૭ „ મિશ્ર રામદરશ
૧૯૮ „ મુનશી નિકુંજ વિ
૧૯૯ „ મુનીમ દલપતભાઈ લ
૨૦૦ „ મેકવાન ચેસેફ બી
૨૦૧ „ મેઢ સુસ્મિતાબહેન
૨૦૨ „ રવાણી તારાચંદ મા
૨૦૩ „ રવાણી વિમળાબહેન
૨૦૪ „ રાજવૈદ્ય બાબુભાઈ જે
૨૦૫ „ રાવત બચુભાઈ પી
૨૦૬ „ રાવળ અનંતરાય મ
૨૦૭ „ રાવળ ગજેન્દ્ર રવિશંકર
૨૦૮ „ રાવળ નલિનભાઈ
૨૦૯ „ રાવળ બાબુલાલ વૈ
૨૧૦ „ રાવળ મુકુન્દરાય હ
૨૧૧ „ રાવળ રવિશંકર મ
૨૧૨ „ રાવળ ઉમાબેન મુ
૨૧૩ „ રંગવાલા સુરેશચં
૨૧૪ „ વકીલ દલસિંધુ ર
૨૧૫ „ વઝેડા બાબુલાલ ડી
૨૧૬ „ વશી અમરભાઈ એમ
૨૧૭ „ વિકાસ ભાસ્કરરાવ
૨૧૮ „ વેનવગુ ધીરુભાઈ એચ
૨૧૯ „ વૈદ્ય પ્રહ્‌લાદભાઈ ચૂ
૨૨૦ „ વોરા કરીમભાઈ સી
૨૨૧ „ વ્યાસ ઇન્દિરાબહેન
૨૨૨ શ્રી વ્યાસ બાબુભાઈ જ
૨૨૩ „ વ્યાસ મણિલાલ પ્ર
૨૨૪ „ વ્યાસ મહેન્દ્રભાઈ
૨૨૫ „ વ્યાસ રતિકુમાર જે
૨૨૬ „ વ્યાસ રજનગૌરી બા
૨૨૭ „ વ્યાસ શંકરલાલ
૨૨૮ „ શર્મા ગયેશ્યામ સી
૨૨૯ „ શાહ સુદેવી મગનદાસ
૨૩૦ „ શાસ્ત્રી કૃષ્ણચંદ્ર સો
૨૩૧ „ શાસ્ત્રી નાનુભાઈ
૨૩૨ „ શાસ્ત્રી મગનજી ઉ
૨૩૩ „ શાસ્ત્રી સી એલ
૨૩૪ „ શાસ્ત્રી શ્રીદેવી હ
૨૩૫ „ શાસ્ત્રી હરિપ્રસાદ ગ
૨૩૬ „ શાહ એરછવલાલ ગો
૨૩૭ „ શાહ અમાતાન નૂ
૨૩૮ „ શાહ કનુભાઈ સી
૨૩૯ „ શાહ કમળાબહેન હ
૨૪૦ „ શાહ કાન્તિલાલ ગો
૨૪૧ „ શાહ કાન્તિલાલ બી
૨૪૨ „ શાહ કુમારપાળ કે
૨૪૩ „ શાહ ગોવિંદલાલ જ
૨૪૪ „ શાહ ચુનીલાલ વ
૨૪૫ „ શાહ ચંચળબહેન
૨૪૬ „ શાહ જયંતીલાલ અ
૨૪૭ „ શાહ દિવ્યાબહેન ર
૨૪૮ „ શાહ ધીરજલાલ ધ
૨૪૯ „ શાહ નરસિંહભાઈ મૂ
૨૫૦ „ શાહ નલિનીબહેન સા
૨૫૧ „ શાહ પૂર્ણિમાબહેન મ
૨૫૨ „ શાહ પોપટલાલ ઠા
૨૫૩ „ શાહ પ્રકાશચંદ્ર ન

જૂનાગઢ

૩૫૯ શ્રી પરમાર તખ્તસિંહ વ.

ડુંડાવ

૩૬૦ શ્રી પટેલ કાન્તિલાલ એન.

ડભોઇ

૩૬૧ શ્રી દવે શિવપ્રસાદ મ.
૩૬૨ શ્રી દવે સુભાષચંદ્ર મ.
૩૬૩ શ્રી પટેલ ભાઇલાલભાઈ છો.
૩૬૪ શ્રી પાઠક રમણલાલ ડી.
૩૬૫ શ્રી પંડ્યા જનકભાઈ સો.
૩૬૬ શ્રી બક્ષી શાન્તિલાલ ઓ.
૩૬૭ શ્રી બ્રહ્મભટ્ટ અનિરુદ્ધ
૩૬૮ શ્રી શાહ જયંતીલાલ ચી.
૩૬૯ શ્રી શાહ સુન્દરલાલ એસ.

દહાણુ

૩૭૦ શ્રી સોમૈયા જેઠાલાલ

દિલ્હી

૩૭૧ શ્રી જોશી શૈલેન

દ્વારકા

૩૭૨ શ્રી કૉન્ટ્રાક્ટર પુષ્કરભાઈ ઠ.

ધોળકા

૩૭૩ શ્રી પટેલ ડાહ્યાભાઈ મ.
૩૭૪ શ્રી મહેતા દીનાનાથ જે.

ધ્રાંગધ્રા

૩૭૫ શ્રી કુબાવત છબીલદાસ ત્રિ.
૩૭૬ શ્રી સંઘવી લાલચંદ મો.

નડિયાદ

૩૭૭ શ્રી કાંટાવાળા કંચનલાલ ગો.
૩૭૮ ,, ગાંધી રમણલાલ પી.
૩૭૯ ,, ત્રિવેદી રવિશંકર અ.
૩૮૦ ,, દવે નરેન્દ્ર મંજુરામ
૩૮૧ ,, દેસાઈ ઉમેદરાય ગુ.
૩૮૨ ,, નાગાપીરવા એસ. એમ.
૩૮૩ શ્રી પટેલ અંબુભાઈ લ.
૩૮૪ ,, પટેલ જયંતીલાલ કા.
૩૮૫ ,, પટેલ તારાબહેન રૂ.
૩૮૬ ,, પટેલ મધુકર લ.
૩૮૭ ,, પટેલ શિવાભાઈ બી.
૩૮૮ ,, પટેલ શંકરભાઈ અં.
૩૮૯ ,, પટેલ સોમાભાઈ વ.
૩૯૦ ,, પટેલ રણછોડભાઈ ખુ.
૩૯૧ ,, પંચાલ રણછોડભાઈ હ.
૩૯૨ ,, પંડ્યા ચંદ્રકાન્તાબહેન
૨૯૩ ,, પંડ્યા રામચંદ્ર ના.
૩૯૪ ,, બ્રહ્મભટ્ટ ચંદ્રવદન ર.
૩૯૫ ,, રાવલ શિવપ્રસાદ છ.
૩૯૬ ,, વ્યાસ રજનીકાન્ત હ.
૩૯૭ ,, વ્યાસ રમેશચંદ્ર ભા.
૩૯૮ ,, શાહ જીવણભાઈ ગો.
૩૯૯ ,, શાહ પ્રભાબહેન સો.
૪૦૦ ,, શાહ બેચરદાસ મ.
૪૦૧ ,, સોલંકી જયમલસિંહ ગુ.

નરસંડા

૪૦૨ ડૉ. પટેલ અંબાલાલ શિવરામ

નવસારી

૪૦૩ શ્રી મિસ્ત્રી મણિલાલ મ.

પિલવાઇ

૪૦૪ પ્રા. જોશી દયાશંકર એસ.
૪૦૫ ,, પટેલ કેશવલાલ ચી.
૪૦૬ શ્રી પટેલ ગણેશભાઈ બે.
૪૦૭ ,, પટેલ છગનભાઈ કા.
૪૦૮ ,, પટેલ નટવરલાલ મ.
૪૦૯ ,, પટેલ પીતાંબરભાઈ કું.
૪૧૦ ,, પટેલ મનુભાઈ જે.
૪૧૧ ,, બારીસી મુગટલાલ પો.

૪૧૨ શ્રી બ્રહ્મભટ્ટ રંગનાથભાઈ
૪૧૩ શ્રી મિસ્ત્રી સી આઈ
૪૧૪ શ્રી શાહ રમણલાલ વા
૪૧૫ ,, શુક્લ જયન્ત જે

પીજ

૪૧૬ શ્રી પટેલ શાન્તુભાઈ જે

પૂના

૪૧૭ શ્રી ગોહિલ વાનજી મૂળજી
૪૧૮ ,, જોષી શ્રીપાદ
૪૧૯ ,, ઠાકર રસિકલાલ
૪૨૦ ,, નાગર રમણલાલ
૪૨૧ ,, પટેલ મધુભાઈ દે
૪૨૨ ,, પરીખ કાન્તિલાલ મો
૪૨૩ ,, વશી અમૃતલાલ ક

પેટલાદ

૪૨૪ પ્રો જોશી નવીનચંદ્ર ઉ

પંઢરપુર

૪૨૫ શ્રી દવે એસ એચ

પોરબંદર

૪૨૬ શ્રી છાયા રતિલાલ
૪૨૭ શ્રી ઝવેરી મનસુખલાલ
૪૨૮ શ્રી થાનકી મથુરાદાસજી
૪૨૯ શ્રી દત્તાણી ચંદુલાલ એમ
૪૩૦ શ્રી વોરા મણિલાલ પુ

પ્રાંતિજ

૪૩૧ શ્રી બુગલા યશવંતલાલ

બાકરોલ

૪૩૨ શ્રી પટેલ જયંતીલાલ દે
૪૩૩ ડૉ. ચોક્સી ભાનુપ્રસાદ ર.

બાયડ

૪૩૪ શ્રી પટેલ ભગનલાલ પૂ

બારડોલી

૪૩૫ શ્રી ધીમર નાથુજી દ

બાસણા

૪૩૬ શ્રી વાઘેલા જીતુજી ફૂલાજી

બિલિમોરા

૪૩૭ શ્રી દેસાઈ હેમન્ત ગુલાબરાય

બિલોદરા

૪૩૮ શ્રી ભાવસાર સોમાભાઈ

બોરીસાવર

૪૩ શ્રી વાઘેલા ચન્દ્રકાન્તભાઈ

ભરૂચ

૪૪૦ શ્રી ઠક્કર બી એ
૪૪૧ શ્રી રાણા જયન્ત હીરાલાલ
૪૪૨ શ્રી વાગડ નરોત્તમ એમ

ભાન્ડુપ

૪૪૩ શ્રી જોષી ઇન્દુ આર

ભાવનગર

૪૪૪ શ્રી ચંપકલાલ મગનલાલ
૪૪૫ ,, જાની રતિલાલ જ
૪૪૬ ,, જોશી શિવશંકર મ
૪૪૭ ,, ત્રિવેદી જયેન્દ્ર ગિ
૪૪૮ ,, ત્રિવેદી વસંતરાય જે
૪૪૯ ,, દવે ઇશ્વરલાલ ર
૪૫૦ ,, મહેતા પ્રબોધચંદ્ર પી
૪૫૧ ,, મહેતા રવિશંકર મ
૪૫૨ ,, મેઘાણી મહેન્દ્રભાઈ
૪૫૩ ,, રાવળ કનૈયાલાલ જ
૪૫૪ ,, શાહ ખીમચંદ ચા
૪૫૫ ,, શાહ ગુણવંત છોટાલાલ
૪૫૬ ,, શાહ સોમાલાલ ચૂ

ભુડિયા ફાળયા

૪૫૭ શ્રી પટેલ લલ્લુભાઈ મકનજી

ભુજ (કચ્છ)

૪૫૮ શ્રી ત્રિપાઠી એન પી
૪૫ ,, શુક્લ ચંદુલાલ

## કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની રચનાઓના ગુજરાતી ભાષાંતરોનું પ્રકાશન

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની 'એકોત્તરશતી' આદિ
રચનાઓના ગુજરાતી અનુવાદોનું પ્રકાશન ગુજરાતી
સાહિત્ય પરિષદ દ્વારા
સાથે વિચારાઈ રહ્યું છે
સંખ્યામાં જ પ્રગટ થઈ
ઇચ્છતા હોય, તેમને
નોંધાવવા માટે વિનંતી

'આસ્વા

પરિષદ-સંચાલિત
ઑગસ્ટ '૬૧માં લેવાયેલ પ્ર
આવેદનપત્રો ભરનારની સં

ઉ

વિશેષ યોગ્યતા: ૬,
તૃતીય શ્રેણી: ૬૬૧, ઉત્તીર્ણ થનાર કુલ ૭

## ગુજરાતી ભાષા-સાહિત્યની આગામી પરીક્ષાઓ

– પરિષદ તરફથી લેવાતી ભાષા-સાહિત્યની બીજા સત્રની ત્રણેય ક્રમિક પરીક્ષાઓ—આસ્વાદ, સંસ્કાર અને દીક્ષા, ૧૯૬૧ના ડિસેમ્બર માસની તા. ૯મી અને તા. ૧૦મી એ (શનિ–રવિએ) લેવાશે.

પરીક્ષાના આવેદપત્રો માન્ય કેન્દ્રો દ્વારા પરિષદ-કાર્યાલયને પરીક્ષા ફી સહિત, મોડામાં મોડા તા. ૧૦મી નવેમ્બર ૧૯૬૧ સુધીમાં પહોંચે તે રીતે મોકલવાના રહેશે.

આ અંગે શિક્ષણ, સાહિત્ય કે સંસ્કારની જે સંસ્થાઓ પરીક્ષા કેન્દ્રો શરૂ કરવા ઇચ્છતી હોય તેમણે સંસ્થાના મુખ્ય અધિકારી દ્વારા કેન્દ્ર માટે તા. ૨૫મી ઑક્ટોબર ૧૯૬૧ સુધી પરીક્ષાકેન્દ્ર શરૂ કરવા અંગેની અરજી કરવાની રહેશે. ત્રણે પરીક્ષાઓમાં બધા મળીને ૫૦ પરીક્ષાર્થી બેસાડવાની ખાતરી આપનાર સંસ્થાઓને પરીક્ષાકેન્દ્ર તરીકે માન્ય કરવામાં આવશે અને તેમને અભ્યાસક્રમ તથા પરીક્ષા અંગેની નિયમાવલિ પહોંચાડવામાં આવશે. આ અગાઉ જે કેન્દ્રો માન્ય થયેલા છે તેમણે કેન્દ્ર તરીકે પોતે ચાલુ રહેવા માગે છે એટલું જ જણાવવાનું રહેશે.

### કેન્દ્રો તથા અન્ય વધુ માહિતી માટે

મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ C/o શ્રી એચ૦ કે૦ આર્ટ્સ કૉલેજ, આશ્રમરોડ, અમદાવાદ ૯—એ સરનામે પત્રવ્યવહાર કરવો.